સુવિચાર

હેતુ વગર બંધાયેલા સબંધનો સેતુ ખૂબ મજબુત હોય છે !

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૭/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ
PENDAWALA
નીચી સોય અને પગમાં મોચ, માણસને આગળ નથી વધવા દેતી.
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ અષાઢ સુદ-૬ વર્ષ : ૧૬ અંક : ૧૭૧


## માર્ગમાં ઠેરઠેર ખાડા, રખડતા પશુઓ, બંધ સ્ટ્રીટલાઈટ, ગંદકી સહિતની સમસ્યા

# અમરેલીમાં પાલિકાનાં પાપે નર્કાગારની પરિસ્થિતિ

**શહેરમાં આવેલ તમામ જાહેર શૌચાલયોમાં ગંદકી, અંધારપટ્ટ અને ભયાનક બદબુ**

**સુધરાઈ સભ્યથી લઈને સાંસદ સુધીનાં જનપ્રતિનિધિઓ કુંભકર્ણની નિંદ્રામાં**

**દિનપ્રતિદિન શહેરની સમસ્યામાં વધારો થતો હોવા છતાં પણ શાસકો બેફિકર**

**આગામી ૬ મહિના બાદ પાલિકાની ચૂંટણીમાં પાયાની સુવિધાનો અભાવ મહત્વનો મુદ્દો બનશે**








અમરેલી, તા. ૩૦

અમરેલીનાં પનોતા પુત્ર અને ગુજરાત રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી સ્વ. જીવરાજ મહેતાની સ્વપ્નનગરી અમરેલી આજે નર્કાગારની સ્થિતિમાં જોવા મળી રહી છે. શહેરમાં પાલિકાનાં પાપે એક નહી બલ્કે અનેક સમસ્યાઓ વિકરાળ મોં ફાડીને ઉભી હોવા છતાં સુધરાઈ સભ્યથી લઈને સાંસદ કક્ષાનાં જનપ્રતિનિધિઓ લાજ કાઢતાં જોવા મળી રહ્યા છે.

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. શહેરમાં આઈએએસ, આઈપીએસ કક્ષાનાં ટોચનાં અધિકારીઓનું નિવાસ સ્થાન છે. તો ધારાસભ્ય, સાંસદ, પૂર્વ મંત્રી, પૂર્વ ધારાસભ્ય, પૂર્વ સાંસદ અને પ્રદેશ કક્ષાનાં નેતાઓ વસવાટ કરી રહ્યા છે. તો જિલ્લાભરની જનતા શિક્ષણ, આરોગ્ય, રાજકીય બેઠક કે ખરીદી સબબ શહેરમાં આવતા હોય છે છતાં તાલુકા કક્ષાનાં શહેર કરતાં પણ ખરાબ સ્થિતિ જોવા મળી રહી છે.

શહેરનાં મુળદાસ ચોક, નાગનાથ બસ સ્ટેન્ડ, ગાંધીબાગ સામે, સરદાર સર્કલ, ચિતલ રોડ સહિતનાં


**અનુસંધાન પાના ૬ ઉપર**



રાષ્ટ્રીય ડોકટર્સ દિવસ નિમિતે... શુભેચ્છાઓ...
નેત્ર રોગના નિદાન અભિપ્રાય તથા માર્ગદર્શન માટે ફોન : ૦૨૭૯૨ ૨૨૩૪૧૫ નંબર પર સમય માટે ફોન કરવા વિનંતી.
સમય : ૧૦ થી ૧૨:૩૦ તથા ૫:૦૦ થી ૭:૦૦
NATIONAL DOCTORS' Day
: શુભેચ્છક :
ડો.એચ.સી. ગાંધી
M.S.(OPHTH) D.O.M.S.
દર્શન આંખની હોસ્પિટલ
પહેલો માળ,સારથી કોમ્પ્લેક્ષ,હીરા બજાર સામે, લીલીયા રોડ, અમરેલી.

રાષ્ટ્રીય ડોકટર્સ દિવસ નિમિતે... શુભેચ્છાઓ...
National Doctors Day July 01st
: શુભેચ્છક :
ડો. તુષાર બોરાણીયા B.D.S. | ડો. પાયલ બોરાણીયા B.H.M.S
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ,સારથી કોમ્પ્લેક્ષ,લીલીયા રોડ, અમરેલી, Mo.90230 30089 / 70168 37137

રાષ્ટ્રીય ડોકટર્સ દિવસ નિમિતે... શુભેચ્છાઓ...
મોતિયા, ઝામર અને પડદાના રોગોના નિષ્ણાંત
HAPPY DOCTOR'S DAY
: શુભેચ્છક :
ડો. કપિલ બી. વરૂ
એમ.એસ. (આંખના સર્જન)
ફેલો મેડીકલ રેટીના
શ્યામ આંખની હોસ્પિટલ
સ્થળ : સફારી પ્લાઝા, બીજો માળ, એંજલ સિનેમાની સામે, ભગવતી ચોક, માણેકપરા, અમરેલી. મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦

HAPPY NATIONAL DOCTOR'S DAY
હૃદયરોગના હુમલા વખતે કરાવવી પડતી એન્જીયોગ્રાફી કે એન્જીઓપ્લાસ્ટી હૃદયની બંધ નળીઓને સ્પ્રીંગ (સ્ટેન્ટ) મુકીને ખોલવાની સારવાર તદ્દન મફતમાં....
ફ્રી
મુખ્યમંત્રી અમૃતમ (મા) કાર્ડ યોજના
પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)
એઈમ્સ હોસ્પિટલમાં ફ્રી (મફત)માં થતી સારવાર
એઈમ્સ હોસ્પિટલ-અમરેલી
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી.
02792-222060 / 76108 10827
નોંધ : આ તમામ યોજનાનો લાભ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તથા મુખ્યમંત્રી અમૃતમ (મા) કાર્ડ યોજનાના કાર્ડ ધારકોને જ મળવાપાત્ર છે

Happy Doctor's Day
શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
- નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
- ડીલેવરી દરમ્યાન બાળકનાં ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
- પ્રેગનન્સી દરમિયાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશીન
- એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
- ટાંકાવાળુ, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય / અંડાશયની ગાંઠના ઓપરેશનો
- વંધ્યત્વની આધુનિક સારવાર
સરનામું : જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

જમીન વેચવાની છે
ફળદ્રુપ જમીન વેચવાની છે. પ્રાઈમ લોકેશન બાબરા-ચિતલ હાઈ-વે થી ૧ કિ.મી. અંદર, સારા રસ્તે ફાર્મ-૧, ૧૦ વિઘા અને ૦૮ ગુંઠા વેચવાનું છે. જેમાં ફુલપાણી વાળો બોર, સબમર્શીબલ પંપ ૧૫ એચ.પી.નું લાઈટ કનેકશન,૪૦ ની ગોળાઈનો આરસીસી ટાંકો, બે-રૂમ, રસોડુ, ઓસરીની પ્લીંથ, સંડાસ-બાથરૂમ એટેચ બીમકોલમ વાળા બેલાની પાકી પ્રોટેકશન વોલ (દીવાલ) ૨૦x૨૦ નું ગોડાઉન-વંડો વાળેલો ઉપરાંત આંબા સહિત બાગાયતી રોપાવાળું....
સંપર્ક મો.૯૯૦૯૬ ૨૦૨૮૫

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
તા.૦૨/૦૭/૨૦૨૫ - બુધવાર, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો.સાગર લાલાણી : (પેડિયાટ્રિક ન્યુરોલોજીસ્ટ) બાળકોના મગજના રોગો,આંચકી,ખેંચના નિષ્ણાંત
તા.૦૩/૦૭/૨૦૨૫ - ગુરૂવાર, સવારે ૧૧:૦૦ થી ૧:૦૦
ડો.કૈવંત પટેલ : (ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ) ફેફસાના રોગો અને એડવાન્સ બ્રોન્કોસ્કોપીના નિષ્ણાંત PFT રીપોર્ટની સુવિધા ઉપલબ્ધ છે.
તા.૦૩/૦૭/૨૦૨૫ - ગુરૂવાર, સવારે ૧૧૦૦ થી ૦૧:૦૦
ડો.સાગર ઘોડાસરા : (ન્યુરો એન્ડ સ્પાઈન) સર્જન : મગજ મણકા અને કરોડરજ્જુના નિષણાંત
તા.૦૪/૦૭/૨૦૨૫ - શુક્રવાર, સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
ડો. મૌલિક ભડાણીયા : (ગેસ્ટ્રોસર્જન) પેટ-આંતરડા-લીવરના સર્જન
તા.૦૫/૦૭/૨૦૨૫ - શનિવાર, સવારે ૦૯:૦૦ થી ૦૯:૦૦
ડો. ધવલ તન્ના : (રૂમેટોલોજીસ્ટ) સાંધા અને સ્નાયુના દુઃખાવાના નિષ્ણાંત
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૭ જુલાઈનાં રોજ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

ચલાલા, તા. ૩૦

અવિરત સેવાકાર્યો કરનાર ચલાલા યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૯/૭/૨૦૨૫ બુધવારના રોજ ૨૮૦મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી.

બાબુદાદા અને એમના પરિવાર તરફથી આ આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓને તપાસ કરી દવા પણ આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરક્ષા નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે. કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામુલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પુ. સંત ડો. રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.

### સંતરામપુર પંથકમાંથી પેટીયુ રળવા માટે આવેલ આધેડની ફરિયાદ

# બાબરામાંથી ૧૨ વર્ષ તથા ૯ મહિનાની ૨ બાળકીનું ધોળે દિ'એ અપહરણ થતાં ચકચાર

## દુકાને ભાગ લેવા જતાં અજાણ્યા વ્યકિતએ કર્યુ અપહરણ

અમરેલી, તા. ૩૦

બાબરા ગામે સંતરામપુર પંથકમાંથી પેટીયુ રળવા માટે આવેલ એક આધેડની બે દીકરીઓ શનિવારે ભર બપોરે પોતાના ઘર નજીક આવેલ એક ભાગની દુકાને ભાગ લેવા માટે ગઈ હતી. ત્યારે એક ૧૨ વર્ષની તથા એક ૯ મહિનાની ઉંમરની બે બાળકીનું કોઈ અપહરણ કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ બાબરા ગામે ભાવનગર રોડ ચોકડી પાસે રહેતા એક ૪૫ વર્ષિય મજુરીકામ કરતાં આધેડની દીકરીઓ એક ૧૨ વર્ષની તથા એક ૯ મહિનાની ઉંર ધરાવતી બંને બહેનો ગત તા. ૨૮ નાં રોજ આશરે બપોરે એકાદ વાગ્યે બાબરા મુકામે આવેલ ભાવનગર રોડે ચોકડી ઉપર આવેલી દુકાને ભાગ લેવા માટે ગયેલ હતી. તે વખતે કોઈ અજાણ્યો વ્યકિત આ બંને બહેનોનું અપહરણ કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### શહેરીજનોની વ્યાજબી માંગને એરપોર્ટ ઓથોરીટી વિભાગ ગણકારતો નથી

# અમરેલીમાં દિવસ–રાત ધબધબાટી બોલાવતાં ટચુકડા વિમાનનાં રૂટમાં ફેરફાર કરવાની માંગ સાથે પ્રતિક ધરણા

## ડો. જીવરાજ મહેતા ચોકમાં શહેર વિકાસ સમિતિએ કર્યા ધરણા



અમરેલી, તા. ૩૦

અમરેલી શહેરની ઉપરથી સતત ઊડતા પાયલોટ ટ્રેનિંગના ટચુકડા પ્લેન શહેરના બદલે સીમ વિસ્તારમાંથી ઉડાવવામાં આવે તેવી માંગણી સાથે ગઈકાલે ડો. જીવરાજ મહેતા ચોકમાં અમરેલીની વિકાસ સમિતિના આગેવાનો દ્વારા પ્રતીક ધરણા યોજવામાં આવ્યા હતા. જો ઉકેલ નહીં આવે તો અમરેલી એરપોર્ટને ઘેરાવ, રનવે ખોદી નાખવાની પણ ચીમકી આપવામાં આવી છે.

અમરેલીમાં કેન્દ્ર સરકાર દ્વારા પીપીપીના ધોરણે પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. જેમાં માત્ર ગુજરાત જ નહીં પણ દેશના જુદા જુદા રાજયોમાંથી પાયલોટ પ્લેન ઉડાવવા માટેની ટ્રેનિંગ લેવા આવે છે. આ પ્લેન સતત શહેરમાં માનવ વસ્તી ઉપર ઊડે છે. તેને સીમ વિસ્તારમાં ઉડાડવામાં અગાઉ રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા અમરેલીમાં પ્લેન ક્રેશની દુર્ઘટના બની હતી. આ પછી ફરીથી રજૂઆત કરાઈ હતી છતાં પગલા ન લેવાતા ફરી અમદાવાદમાં પ્લેન દુર્ઘટના બની હતી.

અમરેલીમાં માંગણી સાથે આવેદનપત્રમાં અપાયેલી ચીમકી મુજબ રાજકમલ ચોકમાં એક દિવસના પ્રતીક ધરણા યોજવામાં આવ્યા હતા. જેમાં શહેરના નાગરિકોએ પ્રતીક ઉપવાસ કર્યા હતા. તેમના સમર્થનમાં વેપારીઓ અને રાજકીય નેતાઓ પણ જોડાયા હતા.

આ મુદ્દે અમરેલીમાં આગેવાનોએ જણાવ્યું કે, અમરેલી ઉપરથી ઉડતા પ્લેન અન્યત્ર ઉડાવવામાં નહીં આવે તો હજુ જલદ આંદોલન કરાશે અને જરૂર પડયે અમરેલી એરપોર્ટને ઘેરાવ તથા રનવે પણ ખોદી નાંખી વિરોધ કરવામાં આવશે. આજે લોકોમાં ભારે રોષની લાગણી છે. બીજી તરફ અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા પણ પત્ર લખીને આ આંદોલનને સમર્થન જાહેર કરવામાં આવ્યું હતું.

અમરેલીના રાજકમલ ચોકમાં જયાં અનેક ધરણા અને આંદોલનો થયા છે તે જગ્યા રાજકીય કિન્નાખોરીથી શહીદ સ્મારક માટે આપી દીધા બાદ જન્માષ્ટમી તહેવારોમાં પણ રાજકમલ ચોક સૂમસામ રહે છે. અહીંથી નાનું બસ સ્ટેન્ડ પણ ફેરવી દેવાયું છે. આ વચ્ચે લાંબા સમય પછી ફરી રાજકમલ ચોકમાં ધરણા યોજાયા હતા. આ પહેલા મિશન બ્રોડગેજ સમિતિએ રાજકમલ ચોકમાં ધરણા યોજયા હતા.

### પ્રમુખ યોગેશભાઈ કોટેચાના અધ્યક્ષ સ્થાને

# અમરેલીના ઈન્દિરા શોપિંગ સેન્ટરના વેપારીઓની વાર્ષિક બેઠક યોજાઈ

## વેપારીઓના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચાઓ થઈ

અમરેલી, તા. ૩૦

અમરેલી ખાતે આવેલ ઈન્દિરા શોપિંગ સેન્ટર વેપારી એસોસિયએશન વાર્ષિક બેઠકનું આયોજન પ્રમુખ યોગેશ કોટેચાનો અપ્રયક્ષ સ્થાને યોજાયેલ હતું.



આ બેઠકમાં ઈન્દિરા શોપિંગ સેન્ટરના વેપારીઓ દ્વારા કેટલાંક પ્રશ્નોની રજુઆત કરવામાં આવતાં લગભગ સ્થળ ઉપર જ નાના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

જયારે કેટલાંક પ્રશ્નોનું તાત્કાલિક નિવારણ વહીવટીતંત્ર સાથે બેસી પ્રશ્નનોનું નિરાકરણ કરવામાં આવશે.

આ બેઠકમાં અમરેલી ડીસ્ટ્રીક ચેમ્બર્સના પ્રમુખ ચતુરભાઈ અકબરી, અમરેલી એસ.ટી.બસ સ્ટેન્ડ ચોક વેપારી એશોસિએશનના પ્રમુખ અને અમરેલી ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, અગ્રણી વેપારીઓ જીતુભાઈ ગોળવાળા, અમરેલી ઈન્દિરા શોપિંગ સેન્ટરના વેપારીઓ, હરેશભાઈ સાદરાણી, જીલુભાઈ વાળા, ગીરીશભાઈ ભટ્ટ, મુકુંદભાઈ ગઢીયા તથા અમરેલી શહેર ભાજપ મહામંત્રી યોગેશભાઈ ગણાત્રા, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના ગુજરાત અને રાજસ્થાનના પ્રભારી કામેન્દ્રસિંહ રાઠોડ, આ.રા.હી.પ.ના સૌરાષ્ટ્ર પ્રાંતના અપ્રયક્ષ ડો. કિરીટ દેસાણી, મજબૂતસીહ બસિયા, સંજયભાઈ રામાણી, અમરેલીના પીઢપત્રકાર મિલાપ રૂપારેલ, અમરેલી એક્સપ્રેસ દૈનિકના તંત્રી મનોજ રૂપારેલ, ભાવેશભાઈ આડતિયા, સતીષભાઈ આડતિયા, જગદીશભાઈ સેલાણી, ભાવેશ સોમૈયા, દિપકભાઈ પટેલ સહિતના અનેક વેપારી આગેવાન વેપારીઓ ઉપસ્થિત રહયા હતા.

### કોઈનો મુદ્દામાલ ગુમ થાય એટલે શોધવા સહિતની

# અમરેલીનાં બસ પોર્ટનાં ટ્રાફિક કંટ્રોલરની માનવતાભરી કામગીરી

## મુસાફર વર્ગની ચહલપહલ ઉપર સતત બાજ નજર

અમરેલી તા. ૩૯

અમરેલી એસ ટી ડેપોમાં કંટ્રોલ પોઈન્ટમાં ફરજ બજાવતા એક કર્મી ઈમાનદારી અને પરોપકારોનું બેમિસાલ ઉદાહરણ બનેલ છે. પોતાની ફરજ સાથે ડેપોમા બાજ નજર રાખી સેવાકીય પ્રવૃત્તિ કરી રહેલ છે. જેમાં એક મહિલા એક કિશોરી અને એક વેપારી પુત્ર અલગ અલગ સમયે ઘરમા અણ બનાવ બનતા ઘરેથી ભાગી છૂટેલ હતા. આ એસ ટી કર્મીએ પોલીસની મદદથી વાલીઓને સોંપેલ હતા. તેમજ એક વિધાર્થીનીની ફી રૂ.૨૫ હજારનું પર્સ પરત કરેલ હતું.

પ્રાપ્ત વિગત મુજબ આજના કળિયુગમાં ઈમાનદારી અને કર્મયોગી ભાગ્યેજ જોવા મળે છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ અમરેલી ડેપોમાં કંટ્રોલર તરીકે ફરજ બજાવતા નિલેષભાઈ કે સોલંકીએ પૂરૂ પાડેલ છે. ભૂતકાળમાં જાનના જોખમે ડેપોમાં આવારા તત્વોની ચૂંગાલમાં ફસાયેલ પર પ્રાંતીય યુવતીઓને બચાવેલ હતી. ત્યારે તાજેતરમાં એક મજુર મહિલા પોતાની પુત્રીને શૈક્ષણિક સંકુલમાં દાખલ કરવા એસટી બસમાં અમરેલી ડેપોમાં ઉતરેલ રૂ.૨૫ હજાર રોકડ અગત્યના ડોકયુમેન્ટ સાથેનું પાકિટ બસમાં ગુમ થયેલ હતું. બસમાં આ મહિલા સહિત પાંચજ મુસાફરો હતા. જેમાં સી સી ટી વી ફૂટેજના આધારે અન્ય ચાર મુસાફરોની તપાસ કરતા રોકડ રકમ સાથેનું પાકિટ મેળવી પરત કરાવેલ હતું.

બીજી ત્રણ ઘટનામાં અમરેલીના એક વેપારીનો યુવાન પુત્ર ઘરે અણબનાવ બનતા ઘરેથી ભાગી છૂટેલ હતો. આ યુવાનનો તાગ મેળવી વડોદરોથી હસ્તગત કરી તેમના પરિવારને સોંપેલ હતો. અન્ય ઘટનામાં એક પર પ્રાંતીય સગીરા ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી ગયેલ હતી. અમરેલી એસ ટી ડિપોમાં શંકાસ્પદ હિલચાલ જણાતા નિલેશ સોલંકીએ પૂછ પરછ કરતા સંતોસ કારક જવાબ નહી દેતા મહિલા પોલીસને બોલાવી સત્ય હકીકત જાણી તેમના માતા પિતાને બોલાવી સુપ્રત કરેલ હતી. આવી જ રીતે એક મહિલા પણ ઘર કંકાસથી ઘરેથી નીકળી ગયેલ અમરેલી એસ ટી ડેપોમાં આ મહિલાને આ કર્મી જોઈ જતા અભયમ ટીમને બોલાવી તેમના પરિવારના હવાલે કરવામાં આવેલ હતી. પોતાની ફરજ સાથે આવા અનેક નમૂનારૂપ પરોપકારી કાર્યો કરતા આવા કર્મીની પરિવારો દ્વારા રડતા ચહેરે આભાર વ્યકત કરવામાં આવેલ હતો.

# અમરેલી જિલ્લાના શિક્ષકો શૈક્ષણિક મહાસંઘની કારોબારીમાં જોડાયા



અમરેલી, તા. ૩૦

અમદાવાદ મુકામે રાજય કારોબારીનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાતનાં તમામ શિક્ષકો અને કર્મચારીઓનો જુની પેન્શન યોજનામાં સમાવેશ થાય તેવો ઠરાવ પસાર કરવામાં આવ્યો. તેમજ માધ્યમિક સંવર્ગમાં બદલી સરાસરી હાજરી અને પ્રાથમિક સંવર્ગમાં વહિવટી પરીક્ષાઓ આપવા ફિકસ સમયગાળાની મેડિકલ રજા મંજુરી અને આગામી સદસ્યતા અભિમાન મેરા વિદ્યાલય મેરા તીર્થ જેવા અનેક રાષ્ટ્રીય હિતનાં વિષયોની ચર્ચા કરી યોગ્ય માર્ગદર્શન આપી અમલીકરણ કરવા માટે આહવાન આપવામાં આવેલ. રાજય દ્વારા વિવિધ પ્રભારીઓની નિમણૂંક થતાં અમરેલી જિલ્લા પ્રભારી તરીકે ભાભલુભાઈ વરૂની નિમણૂંક કરવામાં આવી. ઉપરોકત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અમરેલી જિલ્લા પરિવારમાંથી રાજય મંત્રી ભાભલુભાઈ આચાર્ય સંવર્ગનાં મહામંત્રી મનિષભાઈ અગ્રાવત સંવર્ગ સહસંગઠન મંત્રી મનીષાબેન સુરાણી, પ્રાથમિક સંવર્ગનાં અધ્યક્ષ વિજયભાઈ મકવાણા, સંગઠન મંત્રી કલ્પેશભાઈ સાબવા મહિલા ઉપાધ્યક્ષ મનિષાબેન પાઠક અને રીનાબેન ગોસાઈ અને ઉપાધ્યક્ષ રંજનીભાઈ મકવાણાની યાદીમાં જણાવવામાં આવે છે.

### જિલ્લા વિદ્યાસભા સંચાલિત

# અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે સાયબર સિક્યુરિટી સેમિનાર યોજાયો

## વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન અપાયુ

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ચાલતા કવચ કેન્દ્રના કો–ઓર્ડીનેટર ડો. એ. બી. ગોરવાડીયા ધ્વારા સાયબર સિકયુરિટી અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર માટે અમરેલી સાઈબર સિકયુરિટી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા નૈતિકભાઈ બાબરીયાને મુખ્ય માર્ગદર્શક તરીકે બોલાવવામાં આવ્યા હતા. તેમના ધ્વારા વિદ્યાર્થીઓ તથા સ્ટાફના મિત્રોને સાઈબર સિકયુરિટી વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા.



આજના જમાનામાં બનતા વિવિધ સાયબર અપરાધો વિશે તેમણે જાણકારી આપી હતી. આપણે સાયબર અપરાધોથી કેવી રીતે બચી શકીએ તે વિષય પર તેમણે તલસ્પર્શી માહિતી આપી હતી. આ સેમીનાર ખૂબ જ સફળ રહ્યો હતો. સેમિનારને સફળ બનાવવા માટે કોલેજના પ્રા. ડો. એ. જી. પટેલ, પ્રા. ડબલ્યુ. જી વસાવા, તથા પ્રા. વાય. કે. કયાડાએ યોગદાન આપ્યું હતું.

આ સેમિનારના અંતે કોલેજના સિનિયર પ્રોફેસર જે. એમ. તળાવીયાએ આભાર વિધિ કરી હતી. જયારે સેમિનારની સફળતા બદલ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# બાબરામાં ચુવાળીયા ઠાકોર સમાજ અને વેલનાથ પ્રગતિ મંડળના સંયુક્ત ઉપક્રમે વેલનાથબાપૂના પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં વર્ષોથી અષાઢી બીજના રોજ સમસ્ત સુવાળીયા ઠાકોર સમાજ અને વેલનાથ પ્રગતિ મંડળના સંયુકત ઉપક્રમે સુવાળીયા ઠાકોર સમાજના ધર્મગુરૂ પુજય સંત વેલનાથ બાપુનો પ્રાગટય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં સવારે પૂજય વેલનાથ બાપુનું પુજન અર્ચન અને મહાઆરતી બાદ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં બાબરા અમરાપરા સહિત તાલુકાના મોટી સંખ્યામાં સમાજના ભાઈઓ બહેનો અને બાળકો જોડયા હતા. વાજતે ગાજતે પૂજય વેલનાથ બાપુ જય ઘોસ સાથે શહેરની બઝારોમાં મુખ્ય માર્ગોમાં શોભયાત્રા નીકળી હતી. લોકો દ્વારા પૂજય વેલનાથ બાપુની શોભાયાત્રાના દર્શન કરી સ્વાગત કરવામાં આવ્યુ હતું. સમગ્ર શોભાયાત્રા દરમિયાન બાબરા પોલીસ દ્વારા પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. બપોરે શોભાયાત્રા પૂર્ણ થયા બાદ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં સમાજના લોકો અને ભાવિકો પ્રસાદનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્યની કામગીરી

# અમરેલી જિલ્લામાં ઘરફોડ ચોરી કરતી ગેંગનાં ૮ ઈસમો ઝડપાયા

## રૂપિયા ૩.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત



અમરેલી, તા. ૩૦

અમરેલીએલસીબીપોલીસ ઈન્સ્પેકટર વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલસીબી ટીમ મિલ્કત સબંધી આરોપીની સઘન તપાસ દરમિયાન બાતમી હકીકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એલસીબી ટીમ ધ્વારા ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ આઠ શકમદ ઈસમોને પકડી પાડી તેની સઘન પુછપરછ કરતા અમરેલી જિલ્લામાં અલગ અલગ સાગરીતો સાથે લૂંટ, ઘરફોડ તથા મંદિર ચોરી સહિત કુલ ૧૧ ગુનાઓની કબુલાત આપતા પકડાયેલ આરોપી પાસેથી રોકડા રૂપિયા ૧,૮૦,૦૦૦, એક ચાંદીનું કડુ વજન ૧૫૦.૪૦ ગ્રામ કિંમત રૂપિયા ૧૩,૫૦૦, એક ચાંદીની લકકી વજન ૭૭.૯૮ ગ્રામ કિંમત રૂપિયા ૩,૭૫૦, એક ચાંદીની મોરપીછના ચિત્રવાળી લકકી વજન ૯૬.૧૫ ગ્રામ કિંમત રૂપિયા ૪,૮૦૦, ચાંદીની વીંટી નંગ-૨ વજન ૫.૪૧ ગ્રામ કિંમત રૂપિયા ૨૦૦ તથા ચોરીના ઉપયોગમાં લીધેલ વાહન, સાધનો તથા રોકડ રકમ તેમજ ચોરીના દાગીના સહિત કુલ રૂપિયા ૩,૧૬,૩૨૦નાં મુદામાલ સાથે આરોપી મુતીયારસીંગ ઉર્ફે મુકેશ ઈન્દીરસીંગ ડાવર સહિત આઠ શખ્સોને ઝડપી લઈ પુછપરછ કરતાં આરોપીઓએ અમરેલી જિલ્લામાં અલગ અલગ ગામોમાં ૧૧ ગુન્હા કર્યાની કબુલાત આપતા આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ બનાવમાં પકડાયેલ ઈસમો પૈકી આરોપી મુતીયારસીંગ ઉર્ફે મુકેશ ઈન્દીરસીંગ ડાવર મુખ્ય સુત્રધાર હોય છેલ્લા ત્રણેક વર્ષથી અમરેલી જિલ્લાના અલગ અલગ વિસ્તારમાં મજૂરી કામ અર્થે રહેતો હોય. પોતાના ભાઈ તથા સાગરીતો સાથે રાત્રી તેમજ દિવસના મોટર સાયકલો લઈ આંટાફેરા મારી બંધ મકાનો તથા મંદિરોની રેકી કરી આવા મકાનો તથા મંદિરને ટાર્ગેટ કરતો અને આ ચોરીની જગ્યાએ બેથી ત્રણ માણસોને ચોરીની જગ્યાની આજુબાજુ ધ્યાન રાખવા માટે રાખતો અને આ રહેણાંક મકાનો તેમજ મંદિરોના ગ્રીલ/દરવાજાના તાળા/નકુચા લોખંડની કોષ વડે તોડી પ્રવેશ કરી ઘરફોડ ચોરીઓના ગુનાઓને અંજામ આપતા હતા.

આ ચોરી દરમ્યાન જો કોઈ વ્યકિત જાગી જાય અથવા ચોરી કરતી વખતે તેઓને પકડવાની કોશિષ કરે તે દરમ્યાન આ ઈસમો લોખંડની કોષ વડે તેમજ પથ્થરોના ઘા કરવાની ટેવ ધરાવે હતા.

### જગતાત ગણાતા ખેડુતોને જરૂરી ન હોવા છતાં પણ

# લ્યો બોલો : સાવરકુંડલામાં યુરીયા ખાતરની બેગ સાથે અન્ય ખાતરની બેગનુ ફરજીયાત વેચાણ

## સીમરણ ગામનાં ખેડૂતે ખેતીવાડી અધિકારીને ફરિયાદ કરી



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલાનાં સીમરણ ગામનાં ખેડુત ભરતભાઈ ચોડવડીયાએ ખેતીવાડી અધિકારીએ પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હું અને અન્ય ખેડુતો સાવરકુંડલા ખરીદ વેચાણ સંઘ લી. ખાતે યુરીયા ખાતર ખેતીવાડીના ઉપયોગ ખરીદ કરવા માટે આવેલ. ત્યારે સંઘના ખાતર વિક્રેતાઓએ અમોને યુરીયા ખાતર પીળા કલરની થેલી હોય જેનો જથ્થો સંઘમાં પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ હતો. તો આ યુરીયા ખાતરની બેગ સાથે અન્ય કોઈ ખાતરની ૪ કિ.ગ્રા.ની બેગ કે જેની કિંમત રૂા. ૭૦૦/- લેવાની ફરજ પાડે છે. અમોએ આ બાબતે સંઘના મેનેજરને રૂબરૂ રજુઆત કરતા તેઓએ ૧ થી ૧૦ થેલી યુરિયા ખાતર સાથે બેગ ફરજીયાત લેવાની ફરજ પાડેલ. જેથી અમોએ આ ખાતર લીધેલ નહીં અને તે બાબતની રજુઆત કરતા મેનેજર અમોને એવું કહેલ કે તમારે યુરિયા સાથે આ બેગ લેવી ફરજીયાત છે. નહીતર કોઈપણ રીતે યુરીયા ખાતર આપીશું નહીં. જેથી અમો ખેડુત હોવાથી હાલ વરસાદ ખુબ જ હોઈ તો અમારે માત્ર ખેતીમાં યુરીયા ખાતરની જ જરૂરિયાત હોઈ અન્ય કોઈ ખાતરની જરૂરિયાત ન હોઈ તો અમને યુરિયા ખાતર આપેલ નથી. અને અમોને યુરીયા સાથે અન્ય ખાતર ફરજીયાત લેવુ પડશે જેથી નાયબ ખેતી નિયામક (વિ.) અમરેલીને જાણ કરેલ આ બાબતે અમોએ અમારા મોબાઈલમાં સંઘના ખાતર વિક્રેતાનો વિડીયો પણ પુરાવા તરીકે લીધેલ છે. તો જયારે કહેશો ત્યારે વિડીયો આપવા તૈયાર છીએ. અને અન્ય ખેડુતો પણ યુરીયા ખાતર લેવા માટે આવેલા તેમને પણ યુરિયા ખાતર આપેલ નથી. અને ખરીદ વેચાણ સંઘ બંધ કરીને જતાં રહ્યા અને ખેડુતોને વિતરકની તબિયત સારી ન હોવાથી હાલમાં સંઘ બંધ કરેલ છે. તેવું જણાવેલ છે. આ અંગે કાયદાકીય રીતે તેમની વિરૂધ્ધ કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરી દ્વારા

# અમરેલી તાલુકા પોલીસની કામગીરી સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા

## પોલીસ અધિક્ષકે તટસ્થ તપાસ કરાવવી જરૂરી

અમરેલી, તા. ૩૦

અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીએ અમરેલી તાલુકા પોલીસની કામગીરી સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

તેઓએ જણાવેલ છે કે, ગામડાનાં ફરિયાદીની ફરિયાદ લેવામાં આવતિ નથી, ગ્રામ્ય વિસ્તારમાં દારૂના ફેલાયેલ દુષણને નેસ્તનાબુદ કરાતુ નથી, ખુલ્લેઆમ થતી ખનીજચોરી અટકાવાતી નથી.



વધુમાં જણાવેલ છે કે, કોઈ કોંગ્રેસ કાર્યકર રજુઆત કરવા જાય તો તેમને હડધુત કરવામાં આવી રહયા છે. અને ભાજપના કાર્યકરો માટે લાલ જાજમ પાથરવામાં આવી રહી છે. અને ગાવડકા ચોકડી, રાધેશ્યામ ચોકડી સહિતની ભાગોળે ગામડામાંથી વાહન ચાલકો પાસેથી ઉઘરાણા કરાતા હોવાનો પણ ગંભીર આક્ષેપ કરેલ હોય પોલીસ અધિક્ષક દ્વારા આક્ષેપોની તપાસ કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ છે.

### બેન્કનાં સભાસદનું અવસાન થયા બાદ

# ચલાલા : જિલ્લા બેન્ક દ્વારા પ્રધાનમંત્રી જીવન જયોતિ રકમ મંજૂર કરવામાં આવી

## મૃતકનાં પુત્રનો સંપર્ક કરી સહાય કરી

અમરેલી, તા. ૩૦

ચલાલા ખાતે આવેલ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કનાં સભાસદ સુરેશભાઈ કનુભાઈ મકવાણાનું અવસાન થયેલ.

આ અંગે બેન્કનાં મેનેજર મૃતકનાં પુત્રનો સંપર્ક કરીને પ્રધાનમંત્રી જીવન જયોતિની રકમ રૂપિયા ૨ લાખ મૃતકનાં પુત્ર અનિલભાઈનાં ખાતામાં જમા કરાવી હતી. આ અંગે મૃતકનાં પુત્રએ આવી સરાહનીય કામગીરી કરવા બદલ આ બેન્કનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી તથા બેન્કનાં જનરલ મેનેજર (સીઈઓ) બી.એસ. કોઠીયા તથા ચલાલા શાખાના એસ.એ. સભાયા, ડી.કે. ખાચર, યુ.ડી. રામાણી, યુ.ડી. રીબડીયા, પી.સી. રીબડીયા, વી.જે. કામદાર, એચ.વી. સેંજલીયા, એ.ડી. બુહા, વી.જે. જોષી, એ.બી. ગોંડલીયા, એસ.ડી. રામાણી તથા કર્મચારીઓનો તેમજ ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી.નો આભાર વ્યકત કરેલ છે. તેમજ આવી સરાહનીય કામગીરી કરતા રહો અને લોકોને મદદરૂપ થતાં રહો તેવી શુભેચ્છા વ્યકત કરૂ છું.


ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦









ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪







### ગુજરાતમાં ઘર ખરીદદારો માટે મોટી રાહત

# ગુજરાતમાં સરકારે સ્ટેમ્પ ડ્યુટીમાં કર્યો ઘટાડો

## ગુજરાત સરકારે રહેણાંક મકાનોના ટ્રાન્સફર પર ૮૦% સુધી સ્ટેમ્પ ડ્યુટીમાં માફી જાહેર કરી છે

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાના અને મધ્યમ વર્ગના પરિવારજનોને મોટા ફાયદા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે રહેણાંક મકાનના ટ્રાન્સફર માટે લાગતી સ્ટેમ્પ ડ્યુટીની માત્ર ૨૦% રકમ જ વસૂલવામાં આવશે, જ્યારે બાકી ૮૦% સુધીની રકમ માફ કરાશે. આ રાહત ખાસ કરીને એવી મિલકતોના ટ્રાન્સફર માટે લાગુ પડશે જે સોસાયટી, એસોસિએશન અથવા નોન-ટ્રેડિંગ કોર્પોરેશન દ્વારા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટના આધારે આપવામાં આવે છે. આ રાહત ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ ની કલમ ૯(ક) હેઠળ અમલમાં મૂકવામાં આવી છે. સતત મળતી દંડની રકમ સાથે મળીને, હવે ખરીદદાર દ્વારા સ્ટેમ્પ ડ્યુટીની માત્ર ૨૦% રકમ જ ભરવી પડશે. અગાઉ જેટલી કુલ રકમ વસૂલાતી હતી, એ જ વસૂલાશે, પરંતુ વધારાનો કોઈ દંડ ભરવો નહીં પડે.

આ છૂટ માત્ર તેવા કેસમાં લાગુ પડશે જ્યાં મિલકતનો હસ્તાંતરણ સોસાયટી, એસોસિએશન અથવા નોન-ટ્રેડિંગ કોર્પોરેશન દ્વારા એમના એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટના આધારે કરવામાં આવ્યો હોય. રાજ્ય સરકારે ચાર મહિના અગાઉ ટ્રાન્સફર ફી બાબતે પણ મહત્વપૂર્ણ સુધારો કર્યો હતો. હવે હાઉસિંગ અથવા હાઉસિંગ સર્વિસ સોસાયટી કોઈ પણ મિલકતના ખરીદ/વેચાણ વખતે ટ્રાન્સફર ફી તરીકે કુલ અવેજ રકમના ૦.૫% કે વધુમાં વધુ ૧ લાખ જ વસૂલ કરી શકશે.

રાજ્યમાં હાલ ૩૦,૦૦૦ જેટલી હાઉસિંગ સોસાયટીઓ કાર્યરત છે. અગાઉ કેટલીક સોસાયટીઓ કાયદા વિરુદ્ધ વધારે ફી વસૂલતી હતી. તેને રોકવા માટે રાજ્ય સરકારે ૨૦૨૪માં સહકારી કાયદામાં સુધારા કર્યા છે.

વધુમાં શું શું થશે અમલમાં : સોસાયટીઓ હવે કોઈ પણ પરિસ્થિતિમાં ૧ લાખથી વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરી શકશે નહીં. જો મિલકત અવેજ વગર કાયદેસર વારસદારને ટ્રાન્સફર કરવામાં આવે છે, તો પણ કોઈ ફી વસૂલ નહીં થાય. સાથે જ ટ્રાન્સફર સમયે કોઈપણ ડેવલપમેન્ટ ચાર્જ, દાન અથવા અન્ય કોઈ નામે રકમ વસૂલવાની મંજૂરી નહીં હોય.

### ટ્રેનમાં મુસાફરી કરતા લોકો માટે મોટા સમાચાર

# ટિકિટ બુક કરવા માટેના નિયમમાં મોટો ફેરફાર, આજથી લાગૂ

## ૧ જુલાઈથી ફક્ત આધાર પ્રમાણિત વપરાશકર્તા જ IRCTC વેબસાઇટ-એપ્લિકેશન પર તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે

નવી દિલ્હી, તા.૩૦

જો તમે પણ ટ્રેનમાં મુસાફરી કરતા હોવ તો તમારા માટે આ સમાચાર મહત્વના છે. અનેક લોકો રિઝર્વેશન કરાવીને મુસાફરી કરે છે. કારણ કે રિઝર્વ કોચમાં સફર કરવી એ સુવિધાયુક્ત હોય છે. આ માટે તમારે મુસાફરી પહેલા ટિકિટ બુક કરાવી લેવી પડતી હોય છે. લોકો રેલવેના કાઉન્ટરથી અથવા તો ઘરે બેઠા ઓનલાઈન ટિકિટ બુક કરાવતા હોય છે. જ્યારે અચાનક મુસાફરી કરવાની હોય તો તત્કાલ ટિકિટ બુક કરાવતા હોય છે. પરંતુ હવે ભારતીય રેલવે તરફથી તત્કાલ ટિકિટ બુકિંગ અંગેનો નિયમ બદલાયો છે. ૧ જુલાઈથી હવે આ નવો નિયમ લાગૂ થશે તો વિસ્તૃત માહિતી ખાસ જાણો.

તત્કાલ ટિકિટ બુકિંગ માટે નવો નિયમ IRCTC તરફથી તમામ યૂઝર્સને મેઈલ દ્વારા આ અંગે જાણકારી અપાઈ છે. જેમાં કહેવાયું છે કે ૧ જુલાઈ ૨૦૨૫થી IRCTC ની વેબસાઈટ અને મોબાઈલ એપ દ્વારા એવા યૂઝર્સ ટિકિટ બુક કરી શકશે નહીં જેમનું એકાઉન્ટ આધાર સાથે લિંક નહીં હોય.

- ૧ જુલાઈથી ફક્ત આધાર પ્રમાણિત વપરાશકર્તા જ IRCTC વેબસાઈટ અને એપ્લિકેશન પર તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે.
- AC અને નોન-AC વર્ગો માટે પ્રથમ ૩૦ મિનિટમાં કોઈ એજન્ટ બુકિંગ નહીં
- ૧૫ જુલાઈથી PRS કાઉન્ટર પર અને અધિકૃત એજન્ટો દ્વારા ઓનલાઈન તેમજ તત્કાલ બુકિંગ માટે OTP આધારિત ઓળખ પ્રમાણીકરણ ફરજિયાત

તત્કાલ ટિકિટોની વાજબી અને પારદર્શક ઍક્સેસ સુનિશ્ચિત કરવા અને વાસ્તવિક મુસાફરોના હિતોનું રક્ષણ કરવાના ઉદ્દેશ્ય સાથે, ભારતીય રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મુખ્ય ફેરફારોની જાહેરાત કરી છે. આ ફેરફારોનો હેતુ વપરાશકર્તા પ્રમાણીકરણ વધારવા અને યોજનાનો દુરુપયોગ ઘટાડવાનો છે.

નવી જોગવાઈઓ નીચે મુજબ છે....

૧. ઓનલાઈન તત્કાલ બુકિંગ માટે આધાર પ્રમાણીકરણઃ
૧ જુલાઈ ૨૦૨૫થી આ નિયમ અમલમાં આવશે. IRCTCની સત્તાવાર વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા બુક કરાયેલી તત્કાલ ટિકિટ ફક્ત આધાર સાથે પ્રમાણિત વપરાશકર્તાઓ માટે જ ઉપલબ્ધ રહેશે. વધુમાં, ૧૫ જુલાઈ ૨૦૨૫થી ઓનલાઈન તત્કાલ બુકિંગ માટે આધાર-આધારિત OTP પ્રમાણીકરણ ફરજિયાત બનશે.

૨. PRS કાઉન્ટર અને એજન્ટો પર સિસ્ટમ-આધારિત OTP પ્રમાણીકરણઃ
કોમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) કાઉન્ટર પર અને અધિકૃત એજન્ટો દ્વારા બુક કરાયેલ તત્કાલ ટિકિટો માટે બુકિંગ સમયે વપરાશકર્તા દ્વારા આપવામાં આવેલા મોબાઈલ નંબર પર OTP પ્રમાણીકરણ મોકલવાની જરૂર પડશે. આ જોગવાઈ ૧૫ જુલાઈ ૨૦૨૫થી અમલમાં આવશે.

૩. અધિકૃત એજન્ટો માટે બુકિંગ સમય પ્રતિબંધઃ નિર્ણાયક શરૂઆતના સમયગાળા દરમિયાન જથ્થાબંધ બુકિંગને રોકવા માટે, ભારતીય રેલવેના અધિકૃત ટિકિટિંગ એજન્ટોને બુકિંગ વિન્ડોની દિવસની પ્રથમ ૩૦ મિનિટ દરમિયાન તત્કાલ ટિકિટ બુક કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. AC વર્ગો માટે, આ પ્રતિબંધ સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી અને નોન-AC વર્ગો માટે સવારે ૧૧.૦૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી લાગુ પડે છે.

આ ફેરફારો તત્કાલ બુકિંગમાં પારદર્શિતા સુધારવા અને યોજનાના લાભો સાચા અંતિમ વપરાશકર્તાઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે લાગુ કરવામાં આવી રહ્યા છે. CRIS અને IRCTCને જરૂરી સિસ્ટમ ફેરફારો કરવા અને તે મુજબ તમામ ઝોનલ રેલવે અને સંબંધિત વિભાગોને જાણ કરવા સૂચના આપવામાં આવી છે.રેલવે મંત્રાલય તમામ મુસાફરોને આ ફેરફારોની નોંધ લેવા વિનંતી કરે છે અને દરેકને અસુવિધા ટાળવા માટે તેમના IRCTC વપરાશકર્તા પ્રોફાઈલ સાથે આધાર લિંકેજ સુનિશ્ચિત કરવા પ્રોત્સાહિત કરે છે.

### રાજ્યમાં જૂન મહિનામાં જ નોંધપાત્ર વરસાદ

# ગુજરાતમાં વરસાદે છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો

## ૭ જૂને સરેરાશ સંચિત વરસાદ ૭ મીમી હતો જે દર્શાવે છે કે ૨૦ દિવસમાં રાજ્યમાં ૨૫૦ મીમી વરસાદ પડ્યો

અમદાવાદ, તા.૩૦

રાજ્યમાં જૂન મહિનામાં જ નોંધપાત્ર વરસાદ વરસી ગયો છે. હવામાન વિભાગે આપેલા આંકડા પ્રમાણે જૂન મહિનો પૂર્ણ થાય તે પહેલા જ ૩૨ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૩૨.૭૩ ટકા વરસાદ વરસ્યો છે. સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૩૫.૭૩ ટકા વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતમાં પણ ૩૨થી ૩૫ ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ૩૦ ટકા કરતા ઓછો વરસાદ પડ્યો છે.

ભારતીય હવામાન વિભાગના આંકડા અનુસાર, આ વર્ષે ૨૭ જૂન સુધી રાજ્યમાં સામાન્ય કરતાં વધુ વરસાદ ૧૩૫ ટકા અથવા બમણાથી વધુ હતો. રાજ્યભરમાં, સુરત, જામનગર અને ભાવનગર જેવા અનેક જિલ્લાઓમાં છેલ્લા ૧૦ દિવસમાં ભારે વરસાદ નોંધાયો છે. રાજ્યના તમામ પ્રદેશોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે, પરંતુ એસઈઓસીના આંકડા દર્શાવે છે કે ૩૪માંથી ૨૨ જિલ્લાઓમાં અત્યાર સુધીમાં મોસમી વરસાદના ૨૫ ટકાથી વધુ વરસાદ પડ્યો છે. એસઈઓસી આંકડા મુજબ જૂન મહિનામાં રાજ્યમાં ઓછામાં ઓછા છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ જોરદાર ચોમાસુ હતું. આંકડાનાં પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, છેલ્લા પાંચ વર્ષમાં ૨૭જૂન સુધી સરેરાશ વરસાદ ૧૦.૬ ટકા હતો. સૌથી વધુ, ૧૪ ટકા, ૨૦૨૦માં ૧૧૮ મીમી વરસાદ સાથે નોંધાયેલો હતો.

રાજ્યના વિવિધ ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોથી અવિરત મેઘમહેરથી રહી છે. ૨૭ જૂનના શુક્રવારે ગુજરાતમાં સરેરાશ ૨૫૭ મીમી વરસાદ સાથે આ ચોમાસાની સીઝનનો ૩૦ ટકા પડી ગયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન્સ સેન્ટરના આંકડા અનુસાર ૭ જૂને સરેરાશ વરસાદ ૭ મીમી હતો, જે દર્શાવે છે કે ૨૦ દિવસમાં રાજ્યમાં ૨૫૦ મીમી વરસાદ પડ્યો છે, જે સીઝનના કુલ વરસાદના ૨૮ ટકા જેટલો થાય છે. ગુજરાત હવામાન વિભાગના ડિરેક્ટર અશોક કુમાર દાસે જણાવ્યું કે ભારત માટે હવામાન વિભાગની લાંબા અંતરની આગાહી (એલઆરએફ) ભારતમાં સામાન્યથી સામાન્યથી વધુ વરસાદનો સંકેત આપે છે, જે ગુજરાત માટે પણ સાચું હતું. આ વર્ષે આપણે અરબી સમુદ્રથી બંગાળની ખાડી સુધી સારી ચોમાસાની પટ્ટી જોઈ છે.

### પાર્ટી નેતૃત્વ સાથે તેમનો વિવાદ ચાલી રહ્યો હતો

# ભાજપના ધારાસભ્ય ટી રાજા સિંહે પક્ષમાંથી રાજીનામું આપ્યું

## પ્રદેશ પ્રમુખ પદ માટે એન રામચંદ્ર રાવના નામ પર સહમતિ દર્શાવી જેનાથી તેઓ નારાજ હતા

હૈદરાબાદ, તા.૩૦

તેલંગાણાના ફાયરબ્રાન્ડ નેતા અને ગોશામહલથી ધારાસભ્ય ટી રાજા સિંહે ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. તેલંગાણા પાર્ટી નેતૃત્વ સાથે કેટલાક દિવસોથી તેમનો વિવાદ ચાલી રહ્યો હતો. ભાજપ હાઈકમાન્ડે પ્રદેશ ભાજપ પ્રમુખ પદ માટે એન રામચંદ્ર રાવના નામ પર સહમતિ દર્શાવી છે, જેનાથી તેઓ નારાજ હતા. કહેવામાં આવી રહ્યું છે કે આનાથી નારાજ થઈને તેમણે પોતાનું રાજીનામું પ્રદેશ પ્રમુખ બંદી સંજય કુમારને મોકલી દીધું છે.

રાજા સિંહે આ રાજીનામાને લાખો કાર્યકરોનો અવાજ ગણાવ્યો અને કહ્યું કે આ નિર્ણય તેમના માટે પીડાદાયક છે, પરંતુ જરૂરી હતો. રાજા સિંહે ભાજપના તેલંગાણા રાજ્ય પ્રમુખ જી કિશન રેડ્ડીને લખેલા પત્રમાં કહ્યું કે એન રામચંદ્ર રાવની નિમણૂકથી પાર્ટીના કાર્યકરો અને નેતાઓમાં ભારે નિરાશા ફેલાઈ છે. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક લોકોએ કેન્દ્રીય નેતૃત્વને ગેરમાર્ગે દોરીને આ નિર્ણય લીધો છે, જે પાર્ટીના હિતને બદલે વ્યક્તિગત હિતથી પ્રેરિત છે.

ગોશામહલના ધારાસભ્ય ટી રાજા સિંહે કહ્યું કે ભાજપ તેલંગાણામાં સરકાર બનાવવાની કગાર પર હતું, પરંતુ ખોટી નેતાગીરીની પસંદગીને કારણે, આ તક હાથમાંથી સરકી રહી હોય તેવું લાગે છે.

રાજા સિંહે તેમના જાહેર નિવેદનમાં સ્પષ્ટ કર્યું હતું કે ભાજપ છોડવા છતાં, તેઓ હિન્દુત્વના વિચાર અને ગોશામહલના લોકોની સેવા કરવા માટે પ્રતિબદ્ધ રહેશે.

તેમણે કહ્યું, "મારું આ પગલું વિચારધારા વિરુદ્ધ નથી, પરંતુ નેતૃત્વના નિર્ણયોની વિરુદ્ધ છે. હું હિન્દુ સમુદાયની સાથે મજબૂત રીતે ઉભો રહીશ." તેમણે પાર્ટીના વરિષ્ઠ નેતૃત્વ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, જેપી નડ્ડા, અમિત શાહ અને બીએલ સંતોષને આ મુદ્દા પર પુનર્વિચાર કરવા પણ અપીલ કરી છે. ટી રાજા સિંહે ૨૦૦૯ માં તેલુગુ દેશમ પાર્ટી (TDP) થી પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી. આ સમય દરમિયાન તેઓ ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્ય તરીકે ચૂંટાયા હતા પરંતુ ૨૦૧૪ માં તેઓ ભાજપમાં જોડાયા હતા. આ પછી તેઓ ૨૦૧૪, ૨૦૧૮ અને ૨૦૨૩ માં ગોશામહલ વિધાનસભા બેઠક પરથી જીત્યા હતા.

### દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન કરે છે

# આગામી 3 જુલાઈને ગુરુવારથી અમરનાથ યાત્રાનો પ્રારંભ થશે

## યાત્રાની સલામતી સુનિશ્ચિત કરવા માટે CRPF એ સમગ્ર રૂટ પર દેખરેખ વધારી દીધી છે

જમ્મુ, તા.૩૦

આગામી ૩ જુલાઈને ગુરુવારથી અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. અગાઉ, ઉધમપુરમાં જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે સુરક્ષા દળો અને પોલીસ સાથે મળીને જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર યાત્રાળુઓના જૂથનો ટ્રાયલ રનનું આયોજન કર્યું હતું. અમરનાથ યાત્રા ૨૦૨૫ને સુરક્ષિત બનાવવા માટે, CRPF એ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી છે. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-44) પર વધારાના સુરક્ષા દળો તહેનાત કરવામાં આવ્યા છે, જે હજારો શ્રદ્ધાળુઓની અવરજવર માટેનો મુખ્ય માર્ગ છે.

ઉધમપુર સેક્ટર જેવા સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધારીને હાઈવે પર પેટ્રોલિંગ મજબૂત બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, ૯ ડોગ સ્ક્વોડ યુનિટને પણ દેખરેખ માટે તહેનાત કરવામાં આવ્યા છે, જેથી કોઈપણ સંભવિત ખતરા પર તાત્કાલિક કાર્યવાહી કરી શકાય. અમરનાથ યાત્રાનો પહેલો જથ્થો ૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ જમ્મુના બેઝ કેમ્પથી રવાના થશે. આ અમરનાથ યાત્રા સત્તાવાર રીતે ૩ જુલાઈથી શરૂ થશે, જેમાં શ્રદ્ધાળુઓ બાલતાલ અને પહેલગામ બંને રૂટથી પવિત્ર ગુફા માટે રવાના થશે.

અમરનાથ યાત્રા ૨૦૨૫ પહેલા, CRPF એ હજારો શ્રદ્ધાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-44) પર ચુસ્ત બહુ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા અમલમાં મૂકી છે. નાયબ પોલીસ અધિક્ષક (DSP) પ્રહલાદ કુમારે માહિતી આપી હતી કે આજે યોજાયેલ મોક ડ્રીલનો હેતુ સુરક્ષા દળો વચ્ચે સંકલનની અસરકારકતા ચકાસવા અને તેમના પ્રતિભાવનું મૂલ્યાંકન કરવાનો હતો. આ કવાયત સંપૂર્ણપણે સફળ રહી. જમ્મુ અને કાશ્મીરના ડેપ્યુટી કમિશનર સચિન કુમાર વૈશ્યએ માહિતી આપી છે કે અમરનાથ યાત્રા ૨૦૨૫ માટે તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. તેમણે કહ્યું, ‘‘સરકાર આજથી સરસ્વતી ધામ ખાતે ટોકન વિતરણ શરૂ કરી રહી છે. અમે શ્રદ્ધાળુઓને મોટી સંખ્યામાં આવવા વિનંતી કરીએ છીએ. વહીવટીતંત્ર તેમને શક્ય તેટલી બધી સુવિધા પૂરી પાડશે. યાત્રાળુઓને કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે’’.

આગામી અમરનાથ યાત્રા ૨૦૨૫ દરમિયાન સલામતી સુનિશ્ચિત કરવા માટે સાવચેતીના પ્રયાસ રૂપે, ભારતીય સેના, CRPF, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને JKSDRF દ્વારા ગઈકાલે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સમરોલી, ટોલડી નાલા ખાતે સંયુક્ત મોક લેન્ડસ્લાઈડ કવાયત હાથ ધરવામાં આવી હતી.

# ગુજરાતના ૧૩૨ તાલુકામાં મેઘમહેર, પોરબંદરમાં સૌથી વધુ 3 ઇંચ

## રાણાવાવમાં 3 ઇંચ વરસાદ જ્યારે ૧૦૯ તાલુકામાં ૧ ઇંચની અંદરમાં વરસાદ વરસ્યો છે

અમદાવાદ,તા.૩૦

સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૬ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન આજે સોમવારે (૩૦ જૂન) છેલ્લા ૧૨ કલાકમાં ૧૩૨ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ પોરબંદરના રાણાવાવમાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે ૧૦૯ તાલુકામાં ૧ ઈંચની અંદરમાં વરસાદ વરસ્યો છે.

રાજ્યમાં આજે (૩૦ જૂન) સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૩૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં જૂનાગઢના માણાવદરમાં ૨.૪૮ ઈંચ, જૂનાગઢ અને જૂનાગઢ સિટીમાં ૨.૩૬-૨.૩૬ ઈંચ, જામનગરના કાલાવાડમાં ૨.૩૨ ઈંચ, દેવભૂમિ દ્વારકામાં ૨.૧૩ ઈંચ, કચ્છના મુંદ્રામાં ૧.૯૭ ઈંચ, દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં ૧.૮૧ ઈંચ અને ભાનવડમાં ૧.૭૭ ઈંચ, જામનગરના લાલપુરમાં ૧.૭૩ ઈંચ, રાજકોટના લોધિકામાં ૧.૬૧ ઈંચ, જામનગરના જામજોધપુરમાં ૧.૫૪ ઈંચ, જૂનાગઢના વંથલી અને જામનગરના જોડિયામાં ૧.૪૬-૧.૪૬ ઈંચ, રાજકોટના ગોંડલમાં ૧.૩૮ ઈંચ, સુરતના ઉમરપાડા, જામનગરના ધ્રોલ, કચ્છના માંડવી, પોરબંદરના કુતિયાણા, રાજકોટના જામકંડોરાણા, ઉપલેટા, જેતપુર તાલુકામાં ૧-૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

### ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ અંગે ભારત સરકારની પ્રતિક્રિયા

# ભારત અમેરિકા સાથે સમજૂતી કરવા ઈચ્છશે, પરંતુ તે માટે કેટલીક શરતો લાગુ થશે : નાણામંત્રી

## ભારતમાં એગ્રીકલ્ચર અને ડેયરી સેક્ટર માટે હજુ પણ નિશ્ચિત મર્યાદાઓ છે, જેના પર વિચારણા કરવાની જરૂર છે : નાણામંત્રી નિર્મલા સીતારામન

નવી દિલ્હી, તા.૩૦

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથે ટ્રેડ ડીલ કરવાની ઈચ્છા વ્યક્ત કર્યા બાદ ભારતે જવાબ આપ્યો છે. ટ્રમ્પે અમેરિકા-ભારત વચ્ચે ટૂંક સમયમાં ટ્રેડ સમજૂતી થવાની હોવાની જાહેરાત કરી હતી, ત્યારે હવે આ મામલે નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું કે, ‘હા, કેમ નહીં, અમે અમેરિકા સાથે સારી સમજૂતી કરવા ઈચ્છીશું. આ મામલે ભારત સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે.

ભારત અમેરિકા સાથે જરૂર સારી સમજૂતી કરવા ઈચ્છશે, પરંતુ તે માટે કેટલીક શરતો લાગુ થશે. ભારતમાં એગ્રીકલ્ચર અને ડેયરી સેક્ટર માટે હજુ પણ નિશ્ચિત મર્યાદાઓ છે, જેના પર વિચારણા કરવાની જરૂર છે.’

ટ્રમ્પે રવિવારે (૨૯ જૂન) સંકેત આપ્યા છે કે, ટૂંક સમયમાં જ ભારત સહિત કેટલાક દેશો સાથે ટ્રેડ ડીલ થવાની શક્યતા છે. ટ્રમ્પે કહ્યું કે, તેમણે ૯ જુલાઈની ટ્રેડ ડેડલાઈનને વધારવાની જરૂર નથી. આ ડેડલાઈન તે દેશો માટે નક્કી કરાઈ છે જે અમેરિકા સાથે નવી ટ્રેડ ડીલ કરવા ઈચ્છે છે તેથી વધારે ટેરિફથી બચી શકાય. તેમણે ભારત સાથે ટ્રેડ ડીલ પર પણ કહ્યું કે, આ ખૂબ જ જલ્દી થઈ શકે છે. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે કહ્યું કે, ’મને નથી લાગતું કે મારે ડેડલાઈનને વધારવાની જરૂર પડશે. જો ઈચ્છીએ તો વધારી શકીએ છીએ, કોઈ મોટી વાત નથી.’

નાણામંત્રીએ અમેરિકા સાથે ટ્રેડ ડેલ કેમ જરૂરી છે, તે અંગે પણ નિવેદન આપ્યું છે. તેમણે મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ‘આપણે જે સ્થિતિ પર છીએ અને જે પ્રમાણે આપણું લક્ષ્યાંક છે, તે મુજબ આપણે જેટલું વહેલું મજબૂત અર્થવ્યવસ્થાઓ સાથે સમજૂતી કરીશું, તેટલું આપણા માટે સારી વાત છે.’

ટ્રમ્પના જણાવ્યા મુજબ, ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલમાં આવી રહેલી અડચણો ટૂંક સમયમાં દૂર થઈ જશે. સમજૂતીમાં આઈટી, મેન્યુફેક્ચરિંગ, સર્વિસિઝ, ઓટોમોબાઈલ સેક્ટર સામેલ હોઈ શકે છે. આમ તો બંને દેશો વચ્ચેની ટ્રેડ ડીલ અંગે સ્થિતિ હજુ સુધી સ્પષ્ટ નથી, પરંતુ ટૂંક સમયમાં માહિતી સામે આવી જશે.

સૂત્રના જણાવ્યા મુજબ, અમેરિકા અને ભારત વચ્ચે મુખ્યત્વે કૃષિ, ઓટોમોબાઈલ, ઔદ્યોગિક ઉત્પાદનો અને શ્રમજીવી પ્રોડક્ટ્સ સહિતના ક્ષેત્રો પર ડીલ થશે. અમેરિકાને કૃષિ અને ડેરી પ્રોડક્ટ્સમાં ડ્યૂટીમાં રાહત આપવાથી ભારત માટે પડકારો ઉભા થયા છે. ભારતે મુક્ત વેપાર કરારમાં ડેરી ક્ષેત્રે અત્યારસુધી કોઈ કરાર કર્યા નથી. જેથી આ ક્ષેત્રે મહત્ત્વના નિર્ણય લેવાઈ શકે છે. આ સિવાય અમેરિકા ઔદ્યોગિક ઉત્પાદનો, ઓટોમોબાઈલ્સ ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનો, વાઈન, પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સ, ડેરી, અને કૃષિ પ્રોડક્ટ્સ પર ડ્યુટીમાં રાહતની ઈચ્છા ધરાવે છે. જ્યારે ભારતે ટેક્સટાઈલ, જેમ્સ-જ્વેલરી, લેધર ગુડ્સ, કપડાં, પ્લાસ્ટિક, કેમિકલ્સ, તેલિબિયાં સહિતની પ્રોડક્ટ્સ પર ડ્યુટીમાં રાહતની માગ કરી છે.

### કૉંગ્રેસ પ્રમુખ ખડગેની RSSને ચેતવણી

# જો બંધારણના કોઈપણ શબ્દને અડ્યા છો તો સખત વિરોધ કરાશે

## બેંગલુરુમાં પત્રકારો સાથે વાત કરતી વખતે મલ્લિકાર્જુન ખડગેએ હોસબોલેને મનુસ્મૃતિના સમર્થક ગણાવ્યા હતા

નવી દિલ્હી, તા.૩૦

RSSના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ તાજેતરમાં બંધારણની પ્રસ્તાવનામાંથી સમાજવાદ અને ધર્મનિરપેક્ષતા શબ્દો દૂર કરવાની વાત કરી હતી. હોસબોલેના આ નિવેદન બાદ દેશમાં રાજકીય ખળભળાટ વધ્યો હતો. કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ મામલે આકરી પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, જો બંધારણના કોઈપણ શબ્દને પણ અડ્યા છો તો કૉંગ્રેસ તેનો સખત વિરોધ કરશે અને છેલ્લા શ્વાસ સુધી લડશે. બેંગલુરુમાં પત્રકારો સાથે વાત કરતી વખતે મલ્લિકાર્જુન ખડગેએ હોસબોલેને મનુસ્મૃતિના સમર્થક ગણાવ્યા હતાં. તેમણે કહ્યું કે તેઓ ગરીબો અને નબળા વર્ગોને આગળ વધવા દેવા માંગતા નથી. તેઓ હજારો વર્ષ જૂની વ્યવસ્થા જાળવી રાખવા માંગે છે. એટલા માટે તેમને સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને બંધારણના મુખ્ય સિદ્ધાંતો પસંદ નથી. આ ફક્ત હોસબોલેના વિચાર નથી, પરંતુ સમગ્ર ઈજીજીની વિચારધારા છે.

દત્તાત્રેય હોસબોલેએ તાજેતરના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરે બંધારણના મૂળ પ્રસ્તાવનામાં આ શબ્દો મૂક્યા નહોતા. આ શબ્દો કટોકટી દરમિયાન ઉમેરવામાં આવ્યા હતા, જ્યારે દેશમાં મૂળભૂત અધિકારો સ્થગિત કરવામાં આવ્યા હતા અને સંસદ કાર્યરત ન હતી. જેથી આ શબ્દોને પ્રસ્તાવનામાં રાખવા જોઈએ કે નહીં તે અંગે ફરીથી ચર્ચા થવી જોઈએ.

ખડગેએ સમગ્ર RSSને વંચિત સમુદાયોની વિરુદ્ધમાં ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે ઈજીજી ગરીબો, દલિતો, પછાત વર્ગો અને અન્ય વંચિત સમુદાયોની વિરુદ્ધમાં છે. જો તેઓ ખરેખર હિન્દુ ધર્મના રક્ષક છે, તો પહેલાં અસ્પૃશ્યતા જેવી દુષ્ટતાઓ દૂર કરે. ઈજીજી પાસે ઘણા બધા સંસાધનો અને સભ્યો છે, તેમણે અસ્પૃશ્યતાને દૂર કરવા માટે કામ કરવું જોઈએ, ફક્ત વાર્તાઓ બનાવીને દેશમાં ભ્રમ ફેલાવવો જોઈએ નહીં. રાજ્યસભામાં વિપક્ષ નેતાએ કહ્યું કે દેશમાં સાંપ્રદાયિક સૌહાર્દ અને એકતા જાળવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આથી હું ઈજીજીને અપીલ કરૂ છું કે તેઓ ફક્ત નિવેદનો જ નહીં પણ કામ પર પણ ધ્યાન આપે. અમે બંધારણના કોઈપણ શબ્દ સાથે છેડછાડ કરવા દઈશું નહીં. તે આપણા દેશનો આત્મા છે અને અમે તેને બચાવવા માટે અમારી તમામ શક્તિ સાથે લડીશું.

નોંધનીય છે કે ખડગેનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે દેશમાં બંધારણની પ્રસ્તાવના અને તેના શબ્દો અંગે રાજકીય ચર્ચા તીવ્ર બની રહી છે. આવી સ્થિતિમાં, કૉંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે તે બંધારણના મૂળભૂત સિદ્ધાંતોનું રક્ષણ કરવા માટે હંમેશા ખડેપગે તૈયાર રહેશે, બંધારણની મદદથી જ ભારત એક મજબૂત અને સમાવેશી લોકશાહી બન્યું છે.

### કર્ણાટકમાં મુખ્યમંત્રી બદલવાની અટકળો વેગવાન

# મુખ્યમંત્રી બદલવાનો નિર્ણય પક્ષના હાઈકમાન્ડ પાસે હોય છે : ખડગે

## તમે કોઈપણ કારણોસર મુશ્કેલીઓ ઉભી કરશો નહીં

બેંગલુરુ, તા.૩૦

કર્ણાટકમાં રાજકારણ ગરમાયું છે. રાજ્યમાં મુખ્યમંત્રી બદલવાની અટકળો વેગવાન બની છે. તેમાં પણ પક્ષમાં જ નેતાઓ વચ્ચે આ ચર્ચાઓએ જોર પકડતાં કૉંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ અટકળો પર સ્પષ્ટતા આપી છે કે, મુખ્યમંત્રી બદલવાનો નિર્ણય પક્ષના હાઈકમાન્ડ પાસે હોય છે. તમે કોઈપણ કારણોસર મુશ્કેલીઓ ઉભી કરશો નહીં.

રાજ્યના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ડેપ્યુટી CM ડીકે શિવકુમાર સાથેના મતભેદોના અહેવાલોને ફગાવતાં દાવો કર્યો હતો કે, તેમની સરકાર પાંચ વર્ષ સુધી પર્વતની જેમ અડીખમ રહેશે. મૈસૂરમાં પત્રકારો સાથે વાત કરતાં સિદ્ધારમૈયાએ ડીકે શિવકુમારનો હાથ પકડી એકજૂટતા દર્શાવતાં કહ્યું હતું કે, અમારી સરકાર પાંચ વર્ષ સુધી પર્વતની જેમ અડીખમ રહેશે. અમે એક સાથે મળીને કામ કરીશું. કૉંગ્રેસ મહાસચિવ અને કર્ણાટકના પ્રભારી રણદીપ સુરજેવાલાની મુલાકાત દરમિયાન સિદ્ધારમૈયાએ કહ્યું કે, તે પક્ષ સંગઠનને મજબૂત બનાવવા આવ્યા છે. તે પોતાનું કામ કરશે અને સંગઠનને તાકાત આપશે. વિપક્ષ નેતા આર. અશોકે સરકાર પર કટાક્ષ કરતાં કહ્યું હતું કે, સિદ્ધારમૈયા આ વર્ષે દશેરાની ઉજવણીનું ઉદ્ઘાટન કરી શકશે નહીં. સિદ્ધારમૈયા આ વર્ષના અંત સુધીમાં મુખ્યમંત્રીની ખુરશી છોડી દેશે. જો કે, સિદ્ધારમૈયાએ આ દાવાનો જવાબ આપતાં કહ્યું કે, હું અને ડીકે શિવકુમાર એકજૂટ છીએ. અમારી સરકાર પાંચ વર્ષ સુધી અડગ રહેશે. ભાજપ જુઠાણું ફેલાવવામાં હોશિયાર છે. અમે તેમની વાતો પર ધ્યાન આપતાં નથી. અમારી સરકાર સ્થિર છે.

કૉંગ્રેસ સાંસદ રણદીપ સુરજેવાલા સોમવારે કર્ણાટક પહોંચ્યા હતાં. જ્યાં પક્ષના ધારાસભ્યો સાથે મુલાકાત કરી રહ્યા છે. તેઓ રાજ્યમાં સંગઠનાત્મક ફેરફારો કરવાની ચર્ચા વચ્ચે કર્ણાટકની મુલાકાતે છે. રાજ્યના ગૃહમંત્રી જી. પરમેશ્વરે જણાવ્યું હતું કે, સુરજેવાલાની આ મુલાકાતનો ઉદ્દેશ જાણવા મળી રહ્યો નથી. પરંતુ આ મુલાકાતને આપણે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી સાથે જોડી શકીએ. હાઈકમાન્ડની દખલગીરી તેમની જવાબદારી છે. જો નેતાઓ વચ્ચે નાના-મોટા મતભેદ હોય તો હાઈકમાન્ડ અવશ્ય દખલગીરી કરે છે.

# અમરેલી ખાતે ''સેવા સંઘ'' દ્વારા સ્નેહમિલન અને સન્માન સમારોહ યોજાયો



અમરેલી ખાતે શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સંચાલિત સેવાસંઘ ટીમ દ્વારા એક સ્નેહમિલન અને સન્માન સમારંભનો કાર્યક્રમ કરવામાં આવેલો, જેમાં આગામી દિવસોમાં વ્યકિતઓને જે તે સંસ્થામાં નિમણૂક થવા બદલ સત્કાર સમારંભ અને સાથે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવેલું, જેમાં સુરેશભાઈ સોલંકી સેવા સંઘ પ્રમુખ તેમજ ટ્રસ્ટી મહામંત્રી જેઓની આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદમાં રાષ્ટ્રીય મજદૂર પરિષદ પ્રાંત અધ્યક્ષની નિમણૂંક થયેલી તે બદલ અને અમરેલી બિલ્ડર એસોસિએશનમાં સહમંત્રી તરીકે સમાજ ટ્રસ્ટી જયંતીભાઈ મનાણીની સહમંત્રી તરીકે નિમણૂંક થવા અને સમાજ ઉપપ્રમુખ મનસુખભાઈ ચૌહાણની અમરેલી બિલ્ડર એસોસિએશનમાં સલાહકાર સમિતિમાં નિમણૂંક થવા બદલ તેમજ બિલ્ડર ડેનીભાઈ રામાણી મધ્યસ્થ સહકારી બેંકમાં ડિરેકટર થવા બદલ અને અમરેલી ધારાસભ્ય અને વિધાનસભાના દંડક કૌશિકભાઈ વેકરીયાના પ્રતિનિધિ તરીકે જિલ્લા ભાજપ મંત્રી મેહુલભાઈ ધોરાજીયા અને નીલકંઠ જવેલર્સ પ્રકાશભાઈ ધોળકિયા, પટેલ પ્લાયવુડ ભાવિનભાઈ પટેલ તેમજ બિલ્ડર એસોસિએશન ઉપપ્રમુખ રાજુભાઈ શિયાણી અને સાથે પત્રકાર ભાઈઓનો પણ આ કાર્યક્રમમાં શુભ સંદેશ આવેલો અને અમરેલી એકસપ્રેસના તંત્રી મનોજભાઈ રૂપારેલ ઉપસ્થિત રહેલ હતા. આ દરેક મહાનુભવોનો સેવા સંઘ ટીમ અને સમાજ ટ્રસ્ટીઓ તેમજ સમાજ દ્વારા ચાલતા તમામ મંડળો દ્વારા સહયોગ આપવામાં આવેલો હતો. ખાસ કરીને મહિલા મંડળના બહેનો દ્વારા નાની નાની બાળાઓ દ્વારા કુમકુમ અને કળશ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં દક્ષાબેન આજુગીયા, ત્રિવેણીબેન જેઠવા, વૈશાલીબેન ચૌહાણ દ્વારા આ કાર્યક્રમ ગોઠવવામાં આવેલો. કાર્યક્રમનું તમામ સંચાલન સેવા સંઘ ઉપપ્રમુખ કિશોરભાઈ આજુગિયા દ્વારા કરવામાં આવેલું ઉપપ્રમુખ બાબુભાઈ, મંત્રી મુકેશભાઈ, પંકજભાઈ, ગોપાલભાઈ, ધર્મેન્દ્રભાઈ, ચેતનભાઈ, મહેશભાઈ, અલ્પેશભાઈ, પ્રદીપભાઈ, મનોજભાઈ, ઋત્વિક, મનોજભાઈ સેવા સંઘ ટીમ એ જહેમત ઉઠાવી હતી. સેવાસંઘની પ્રવૃત્તિ સમાજ સેવા સમાજના ગરીબો માટે જે કાંઈ સહાય જરૂર પડે તે તેમજ મેડિકલ બ્લડ ગ્રુપ અને ગરીબ બાળકોને ભણવા માટે જે તે સહાયોની જરૂર પડે એના માટે હંમેશા સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી અને એમની ટીમ હંમેશા તત્પર રહે છે.

## જાહેર નોટિસ

### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી)** રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા, તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **લીલીયા તાલુકા**ના મોજે : **ક્રાંકચ** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીનો આવેલ છે. તે ખેતીની જમીનો અમારા અસીલ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ / ધારણકર્તા | ખાતાનંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | બીપીનભાઈ શાંતીલાલભાઈ મગીયા | ૪૧૧ | ૧૭૪ પૈકી ૧ | ૧–૧૭–૩૬ |
| ૨ | કમલેશભાઈ કાંતીલાલ મગીયા વિગેરે | ૧૪૫૬ | ૧૭૪ પૈકી ૨ | ૧–૧૭–૩૬ |
| ૩ | જયંતીલાલભાઈ હરજીવનભાઈ મગીયા વિગેરે | ૧૪૫૭ | ૧૭૪ પૈકી ૩ | ૧–૧૭–૩૬ |
| ૪ | વિપુલભાઈ મહાસુખભાઈ મગીયા વિગેરે | ૧૪૫૮ | ૧૭૪ પૈકી ૪ | ૧–૧૬–૩૫ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીનો સંબંધે કે તેના કબજા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૭ (સાત) માં જાણ કરવી, જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ બન્ને વ્યકિતઓ પાસેથી ઉપર આપેલ અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**તારીખ : ૩૦/૦૬/૨૦૨૫**

**રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ,**
**ઉમીયા મંદિર રોડ,**
**લીલીયા મોટા,**
**મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦**

**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ એન્ડ નોટરી)

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૦૫૭ |
| ૨ | શિંગ મોટી | ૯૧૦ | ૧૧૮૦ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૫૫૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૧૬૦ | ૧૪૨૬ |
| ૫ | તલ સફેદ | ૧૧૪૦ | ૨૧૯૫ |
| ૬ | તલ કાળા | ૨૧૦૦ | ૩૩૮૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૫૦ | ૧૬૪૫ |
| ૮ | બાજરો | ૨૮૧ | ૪૫૨ |
| ૯ | જુવાર | ૩૦૦ | ૬૮૫ |
| ૧૦ | ઘઉં બંસી | ૪૮૦ | ૪૮૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૩૩૫ | ૫૫૪ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૦૮ | ૫૪૭ |
| ૧૩ | મકાઈ | ૩૯૨ | ૪૮૬ |
| ૧૪ | મગ | ૯૦૦ | ૧૫૦૦ |
| ૧૫ | અડદ | ૧૩૩૬ | ૧૩૩૬ |
| ૧૬ | ચણા | ૭૮૦ | ૧૧૩૧ |
| ૧૭ | ચણા સફેદ | ૭૦૦ | ૧૦૮૪ |
| ૧૮ | છોલે ચણા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૧૯ | ચોળી | ૮૦૦ | ૮૦૦ |
| ૨૦ | તુવેર | ૬૯૦ | ૧૩૧૦ |
| ૨૧ | કપાસ | ૮૮૨ | ૧૬૭૦ |
| ૨૨ | એરંડા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૨૩ | જીરૂ | ૩૦૦૦ | ૩૯૧૫ |
| ૨૪ | ધાણી | ૧૦૦૦ | ૧૩૧૩ |
| ૨૫ | મેથી | ૫૨૦ | ૭૯૫ |
| ૨૬ | સોયાબીન | ૬૫૦ | ૮૧૪ |

### ICAની બેઠક માટે
## અમરેલીનાં યુવા નેતા મનિષ સંઘાણી લંડન જવા રવાના થયા
### ઈફ્કોનુ પ્રતિનિધિ મંડળ સાથે જોડાયુ



અમરેલી, તા. ૩૦

ઈન્ટરનેશનલ કો–ઓપરેટિવ એલાયન્સની આગામી દિવસોમાં વાર્ષિક સાધારણ સભાનું અને ICAની બોર્ડ મિટિંગનું યુનાઈટેડ કિંગડમના લંડન ખાતે આયોજિત કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહી સહભાગી થવા માટે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવાની રચના ઉપાધ્યક્ષ અમરેલી જિલ્લા સહકારી સંઘની અધ્યક્ષ મનીષ સંઘાણી ઈફકોના પ્રતિનિધિ મંડળ સાથે દિલ્હી હવાઈ મથકથી યુનાઈટેડ કિંગડમના લંડન ખાતે જવા માટે રવાના થયા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૯૫ | ૧૬૭૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૬૫ | ૧૫૫૦ |
| ૩ | મગફળી | ૧૦૧૦ | ૧૦૮૦ |
| ૪ | જીરૂ | ૨૮૧૫ | ૩૮૩૫ |
| ૫ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૬ | તલ સફેદ | ૧૫૬૦ | ૧૭૫૦ |
| ૭ | તલ કાળા | ૨૭૫૦ | ૩૩૬૦ |
| ૮ | ચણા | ૧૦૫૫ | ૧૦૯૫ |
| ૯ | મગ | ૧૨૪૦ | ૧૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૯૯ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૧૮ |
| ૩ | શીંગ ઉનાળુ | ૯૮૦ | ૧૨૨૫ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૫૦ |
| ૬ | તલ કાળા | ૨૫૫૦ | ૩૩૨૦ |
| ૭ | જીરૂ | ૩૩૦૦ | ૩૯૦૦ |
| ૮ | કપાસ | ૧૪૩૦ | ૧૬૦૮ |
| ૯ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૪૫૦ |
| ૧૨ | જુવાર | ૬૫૦ | ૮૦૦ |
| ૧૩ | મગ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૧૪ | અડદ | ૧૧૦૦ | – |
| ૧૫ | ચણા | ૧૦૭૦ | ૧૧૨૫ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | ૧૩૦૩ |
| ૧૮ | મેથી | ૬૦૦ | ૭૫૦ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૬ |
| ૨૦ | સોયાબીન | ૭૪૦ | ૮૦૭ |

## બાલાનીવાવનાં પત્રકાર પ્રતાપભાઈ વરૂનો આજે જન્મદિન



અમરેલી, તા. ૩૦

૧ જુલાઈ અમરેલી જિલ્લા ઉપપ્રમુખ પ્રતાપભાઈ વરૂનો આજે જન્મદિવસ છે. અમરેલી જિલ્લા પત્રકાર એકતા પરિષદના ઉપપ્રમુખ અને ઉપાધ્યક્ષ હુમન રાઈડસ ફાઉન્ડેશન મીડિયા સેલ અમરેલી જિલ્લા અને મીડિયા જગતના પત્રકાર એવા બાલાનીવાવ ગામના યુવા અગ્રણી એવા પ્રતાપભાઈ વરૂનો આજે જન્મદિવસ છે.

ગાંધીનગરથી પ્રકાશિત થતા લોકાર્પણ દૈનિક ન્યૂઝમાં અમરેલી જિલ્લાના નિવાસી તંત્રી તરીકે ફરજ બજાવતા અને કોઈપણ સેવા કાર્યો હોઈ એમાં હર હંમેશ અગ્રેસર રહેતા હોય છે. એવા જાણીતા પત્રકારનો આજે જન્મદિવસ છે કે જેઓ આજે ૩૭ વર્ષ પુરા કરી ૩૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.

## અમરેલી એરપોર્ટને ઘેરાવ કરવાની ચીમકી બદલ જિલ્લા બેન્કનાં કર્મચારીને નોટિસ

અમરેલી, તા. ૩૦

અમરેલીમાં દિવસ–રાત ઉડતા ટચુકડા વિમાનને લઈને રવિવારે ડો. જીવરાજ મહેતા ચોકમાં પ્રતિક ધરણા યોજાયા હતા. જેમાં બેન્કનાં કર્મચારી સુરેશભાઈ શેખવા પણ જોડાયા હતા. તેઓએ અમરેલી ઉપરથી ઉડતા પ્લેન અન્યત્ર ખસેડવામાં નહી આવે તો અમરેલી એરપોર્ટને ઘેરાવ તથા રનવે પણ ખોદી વિરોધ કરશે તેવું નિવેદન આપેલ તેવું એક વર્તમાનપત્રનાં માધ્યમથી બેન્કનાં મેનેજમેન્ટને ધ્યાને આવેલ.

આથી બેન્ક તરફથી પાઠવવામાં આવેલ નોટિસમાં જણાવેલ છે કે, તમો સહકારી બેન્કનાં જવાબદાર અધિકારી છો. આ ઉપરાંત અમરેલી નગરપાલિકાનાં સદસ્ય છો. કોઈપણ સરકારી યોજના કે કાર્યક્રમ અંગે ગેરકાનૂની ધમકી આપવી એ આપણી બેન્કનાં સ્ટાફ રૂલ્સનું ઉલ્લંઘન છે. તમોએ આવું નિવેદન આપી બેન્કની પ્રતિષ્ઠાને હાની પહોંચાડેલ છે જેથી તમોએ આપેલ નિવેદન અંગે તમારી સામે શા માટે પગલા ન લેવા એ અંગે દિન–૭માં બેન્કને ખુલાસો કરવા આથી જણાવવામાં આવે છે. અન્યથા તમારા સામે યોગ્ય પગલા લેવાની ફરજ પડશે તેમ અંતમાં જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૯૫ |
| ૪ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૧૨૫ |
| ૬ | ધાણા | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૭ | શીંગફાડા | ૧૧૪૦ | ૧૩૫૫ |
| ૮ | મગફળી | ૯૧૦ | ૯૮૦ |
| ૯ | તલ સફેદ | ૧૧૫૦ | ૧૯૦૦ |
| ૧૦ | સોયાબીન | ૬૫૫ | ૮૧૦ |
| ૧૧ | મગ | ૧૦૦૦ | ૧૪૦૫ |
| ૧૨ | તુવેર | ૧૨૩૫ | ૧૨૩૫ |
| ૧૩ | શીંગદાણા | ૧૪૨૦ | ૧૫૫૦ |
| ૧૪ | ચણા છોલે | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | લસણ | ૪૫૦ | ૪૫૦ |
| ૧૬ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં પાલિકાનાં પાપે**

વિસ્તારોમાં આવેલ જાહેર શૌચાલય નર્કાગારની સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. બેફામ ગંદકી, વીજળી અને પાણીનો અભાવ જોવા મળી રહ્યો છે. તો શહેરની ગલીઓથી લઈને જાહેર માર્ગો પર રખડતા પશુઓ ટોળા સ્વરૂપે ફરી રહ્યા છે. તો શહેરની એક હજાર જેટલી સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળે છે.

તદુઉપરાંત શહેરનાં લગભગ દરેક માર્ગો ઉપર ખાડા રાજ જોવા મળી રહ્યું છે તો ભૂગર્ભ ગટર પણ સફાઈનાં અભાવે જામ થતાં રહેણાંક મકાનોમાં ગટરનાં ગંદા પાણી ઘુસી જતાં હોવાની ફરિયાદ ઉભી થઈ છે તેમજ જિલ્લાનાં મુખ્ય શહેરમાં દરરોજ પાણી વિતરણ પણ કરવામાં આવતુ નથી. શહેરની દોઢ લાખ જનતાને પાયાની સુવિધા આપવામાં પાલિકાનાં શાસકો સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યા હોય આગામી ૬ મહિના બાદ યોજાનારી પાલિકાની સામાન્ય ચૂંટણીમાં સત્તા પક્ષનાં ઉમેદવારો અને આગેવાનોને ડોર ટુ ડોર મત માંગવા જતી વખતે શહેરીજનોનાં વેધક પ્રશ્નોનો સામનો કરવો પડે તો નવાઈ નહી રહે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી પ્રવેશ
સંકુલ M.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ
સંકુલ M.A. મનોવિજ્ઞાન – સમાજશાસ્ત્ર – ઈંગ્લીશ પ્રવેશ
સંકુલ GTU - AICTE માન્ય MBA - MCA પ્રવેશ
B.Pharm.-M.Pharm.-B.Ed.-PG DMLT પ્રવેશ

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૫૫ | ૫૦૧ |
| ૨ | સફેદ | ૯૮૦ | ૧૦૯૧ |
| ૩ | તુવેર | ૯૦૦ | ૧૧૫૦ |
| ૪ | ધાણા | ૧૧૮૦ | ૧૨૫૧ |
| ૫ | તલ | ૧૦૦૦ | ૧૪૪૫ |
| ૬ | મગ | ૧૦૦૦ | ૧૨૮૫ |
| ૭ | અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૮ | એરંડા | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૯ | શીંગ દાણા | ૧૪૦૫ | ૧૭૦૦ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૧૭૫ | ૧૪૦૦ |
| ૧૧ | સોયાબીન | ૫૫૦ | ૭૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૯૦ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૨૦૧ | ૧૯૧૪ |
| ૩ | તલ કાળા | ૧૬૫૧ | ૨૬૨૬ |
| ૪ | તલ પીળા | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૫૫૧ |
| ૬ | બાજરો | ૩૦૨ | ૪૨૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૫૪ |
| ૮ | જુવાર | ૩૦૧ | ૮૪૦ |
| ૯ | મગ | ૮૦૦ | ૧૩૩૧ |
| ૧૦ | તુવેર | ૮૮૦ | ૧૧૨૬ |
| ૧૧ | ચણા | ૮૭૦ | ૧૧૦૦ |
| ૧૨ | મેથી | ૭૫૦ | ૭૮૦ |
| ૧૩ | સોયાબીન | ૬૫૧ | ૮૦૨ |
| ૧૪ | એરંડી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |

# અમરેલી જિલ્લા પંચાયત ખાતે સાંસદ સુતરિયાના હસ્તે ''મંગલમ કેન્ટિન''નું ઉદ્દ્ઘાટન






સ્વસહાય જૂથની બહેનોને ટકાઉ અને કાયમી રોજગારી મળે તે માટે અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત NRLM યોજના અન્વયે લાભાર્થીને વિવિધ લાભ આપવામાં આવે છે. અમરેલી જિલ્લા પંચાયત ખાતે સાંસદ ભરતભાઈ સુતરિયાના હસ્તે ''મંગલમ કેન્ટિન''નું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતુ, ''મંગલમ કેન્ટિન''નું સંચાલન સૂર્ય સખી મંડળ પ્રતાપરાની બહેનો દ્વારા કરવામાં આવશે. ''મંગલમ કેન્ટિન''નું ઉદ્દ્ઘાટન થતાં જિલ્લા પંચાયત અમરેલી કર્મચારીગણને કેમ્પસમાં જ ચા, નાસ્તા સહિતની સુવિધાઓ મળશે. ઉલ્લેખનીય છે કે, એન.આર.એલ.એમ યોજના અન્વયે મહિલા સ્વસહાય જૂથને વિવિધપ્રકારનાફંડનોલાભઆપવામાં આવે છે. જેમાં રિવોલ્વીંગ ફંડ, કોમ્યુનિટીઈન્વેસ્ટમેન્ટફંડ,સ્ટાર્ટઅપ ફંડ સહિતના વિવિધ ફંડ સામેલ છે. મહિલા સ્વસહાય જૂથને નાણાકીય સગવડ પૂરી પાડી મહિલાઓને સ્વરોજગારી મળે તે માટે એન.આર.એલ.એમ. યોજના અન્વયે લાભનું વિતરણ કરવામાં આવે છે. મહિલા સશકિતકરણમાં આ યોજનાનો સિંહ ફાળો છે. ''મંગલમ કેન્ટિન''ના ઉદ્દ્ઘાટન પ્રસંગે જિલ્લા પંચાયતવિવિધસમિતિનાચેરમેનઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, નાયબજિલ્લાવિકાસઅધિકારી, મુખ્યજિલ્લાઆરોગ્યઅધિકારીજોષી, જિલ્લા આંકડા અધિકારી ગોહિલ, ડી.એલ.એમ. છાયાબેન ટાંક સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## હજુ તો માંડ ચોમાસાની પાપા પગલી થઈ ત્યાં તો
# જાફરાબાદ નગરપાલિકાનો વિકાસ છાપરે ચઢી ગયો : પોકારવા લાગ્યો

### શહેરીજનોને ખોબલે-ખોબલે મતનાં બદલામાં મળે દુવિધા




જાફરાબાદ, તા. ૩૯

જાફરાબાદ નગર પાલિકાનો આરસીસી રોડ કે જે મામલતદાર કચેરી જવા માટે તથા સીનીયર સીટીઝન પાર્કની બાજુમાં આવેલ રોડ કે જે થોડા ઘણા વરસાદના લીધે પાણી નું તળાવ ભરેલું જોવા મળે છે તે ભરાયેલા તળાવમાંથી પસાર થતા રાહદારીઓ ટુ વ્હીલર ચાલકો ફોર વ્હીલર ચાલકો અને રાહદારીઓ આ ભરાયેલા પાણીના તળાવમાંથી પસાર થઈ રહ્યા હોય પરંતુ જવાબદાર પાલિકાના ધ્યાન ઉપર કયારે આવશે..?? આ રોડ ઉપરથી જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અરજદારો તથા જાફરાબાદના સામાકાંઠા વિસ્તારોમાંથી આવતા અરજદારો મામલતદાર કચેરી ખાતે પોતાના સરકારી કામકાજ માટે જતા હોય છે પરંતુ અહીં ચોમાસા દરમિયાન ભરાયેલા પાણીમાંથી અરજદારોને પસાર થવું પડતું હોય છે. આ તળાવ પસાર કરી મામલતદાર કચેરી સુધી પહોંચતા હોય છે. ઘણા વર્ષોની સમસ્યા યથાવત છે. અહીં નગરપાલિકા દ્વારા આરસીસી રોડ બનાવવા આવ્યો પરંતુ પાલિકા એન્જીનીયરની કમાલ કહીં શકાય કે ચોમાસા દરમિયાન કોઈ પણ રોડ ઉપરથી પસાર થવું હોય તો ચોમાસા દરમિયાન તળાવ તો ભરેલું હોય જ કારણકે રોડ રસ્તા બને એટલે એન્જીનીયર પાણીના નિકાલ માટેની વ્યવસ્થા પહેલા પાણીનું તળાવ ભરાઇ તેવી સુવિધા નાગરિકો માટે ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. અહીં નાગરિકો માટે આજુબાજુમાં ફરવા માટે બગિચો તથા સિનિયર સિટીઝન પાર્ક અને ખાળીપીણી લારીઓ તથા ઠંડા પાણીની લારીઓ આવેલ હોય અહીં સાંજના સમયે તથા રાત્રીના સમયે નાગરિકો મોટી સંખ્યામાં આવતા હોય પરંતુ પાલિકાની વ્યવસ્થા કે જે રોડ ઉપરથી પસાર થવાનું હોય એજ રોડ ઉપર નાગરિકોનું સ્વાગત માટે ભરેલા તળાવમાંથી પસાર થવું પડે તેવો રોડ પાલિકાના એન્જીનીયર દ્વારા બનાવાયેલ છે. જેથી કરીને નાગરિકો આ ભરેલા તળાવમાંથી પગ ધોયા પછી આગળ વધે તેવી વ્યવસ્થા જાફરાબાદ નગરપાલિકાના એન્જીનીયર દ્વારા કરવામાં આવી છે. હજુ તો વરસાદ માંડ પાપા પગલી કરી છે. જયારે આવનાર દિવસોમાં ઝંઝાવાતી બેટિંગ કરશે ત્યારે વિકાસનો મેકઅપ ધોવાય જશે ત્યારે ખબર પડશે કે જનતા જેને વિકાસ સમજતી હતી એ તો એક મૂર્ગજળ સાબિત થઈ ગયું જે હોઈ એ પેરિસ, સિંગાપોરમાં આપનું સ્વાગત છે. આ દર વર્ષોથી ચોમાસા દરમિયાન હાડમારી ભોગવતી જાફરાબાદની શાંતિપ્રિય જનતા શું આ વહેલી તકે પાલિકા નિંદ્રાધીનમાંથી જાગી આ ચોમાસા દરમિયાન ભરાયેલા પાણીનો નિકાલ કરવામાં આવશે..?? કે પછી હોતા હે ચલતા હે તેવું અપનાવવામાં આવશે..??

## એએસઆઈ કિરીટ દેવમુરારીને વિદાય અપાઈ
# અમરેલી જિલ્લા કલેકટરનાં કમાન્ડો વયમર્યાદાથી નિવૃત થયા

### સ્ટાફ કર્મીઓ અને અધિકારીઓએ શુભેચ્છા પાઠવી



અમરેલી તા. ૩૦

કોઈપણસરકારીઅધિકારી કે કર્મચારી માટે તેમના અંગત જીવનમાં બે દિવસ ખૂબ જ મહત્વના હોય છે. જયારે તેઓ સરકારી સેવામાં જોડાઈ તે દિવસ, અને નિવૃત્તિનો દિવસ. નિવૃત્ત થતાં દરેક સરકારી અધિકારી અને કર્મચારીએ પોતાની સરકારી સેવાઓ દરમિયાન અનેક પડાઓ પાર કર્યા હોય છે અને જીવનમાં સતત આગળ વધ્યા હોય છે.અમરેલીના ધારીના વતની કિરીટભાઈ બાબુભાઈ દેવમુરારી (જિલ્લા કલેકટરના પોલીસ કમાન્ડો) એક એવું વ્યક્તિત્વ છે, કે જેમણે વર્ષો સુધી ગુજરાત પોલીસમાં પોતાની સેવાઓ નિષ્ઠાપૂર્વ અને ખંતપૂર્વક આપી છે. સ્વભાવે સરળ અને રમુજી વ્યકિતત્વ ધરાવનાર, સતત સતર્કતા સાથે પોતાની ફરજ નિભાવનાર કિરીટભાઈ ગુજરાત પોલીસવિભાગમાં તા.૧/૯/૯૦ના રોજ જોડાયા હતા. તેઓએ અમરેલી જીલ્લામાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ભરતી થઈ સફળતાપૂર્વક પોલીસ તાલીમ પ્રાપ્ત કરી હતી અને અમરેલી ખાતે નિમણૂક પામ્યા હતા.તા.૩૦/૬/૨૫ને સોમવારના રોજ કિરીટભાઈ ૩૪ વર્ષની લાંબી સફળ કારકિર્દી પૂર્ણ કરી વયનિવૃત્ત થતાં જિલ્લાના પૂર્વ કલેકટર અજય દહિયા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં તેમને ભાવસભર વિદાયમાન આપવામાં આવ્યું હતુ. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૯૩માં કિરીટભાઈ દેવમુરારીએ મસુરી, ઉત્તરાખંડ સ્થિત આઈ.ટી.બી.પી. કેમ્પસ ખાતે કમાન્ડો તાલીમ સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરીને અમરેલી જીલ્લા પોલીસ મુખ્ય મથક ખાતેથી જિલ્લા પોલીસ વડા તથા જિલ્લા કલેકટરના કમાન્ડો તરીકે પોતાની સેવાઓ આપી છે. તેમણે સેવા દરમિયાન પોતાની નિષ્ઠાપૂર્વકની ફરજ નિભાવી હતી.વયનિવૃત્તિ વિદાયમાન પ્રસંગે ઉપસ્થિત સગાંવ્હાલા, સ્નેહીજનો, મિત્રજન, અધિકારીઓ, સાથી કર્મચારીઓએ વયનિવૃત્ત થતાં કિરીટભાઈ દેવમુરારીને નિવૃત્ત જીવન સુખમય, નિરામય રહે તેવી શુભકામનાઓ, શુભેચ્છાઓ પાઠવી હતી.

## શુભાંશુ શુક્લાએ ગાજરનો હલવો અને કેરીનો રસ ખાધો
# અવકાશયાત્રીઓનો આહાર પૃથ્વી પરના આહારથી ખૂબ અલગ હોય છે

### થર્મો-સ્ટેબિલાઇઝ્ડ એટલે કે ઓછી ભેજવાળા ખોરાક પણ ખાય છે, જોકે તેમાં પાણી ઉમેરીને ખાવામાં આવે છે

વોશિંગ્ટન, તા.૩૦

અવકાશયાત્રીઓનો આહાર યોજના સામાન્ય લોકોના ખોરાક કરતા અલગ હોય છે. તેમને ખાસ ખોરાક આપવામાં આવે છે, જે ત્યાં લાંબા સમય સુધી બગડતો નથી અને ખાસ રીતે પેક કરવામાં આવે છે. મહત્વન છે કે આ વચ્ચે પણ શુભાંશું શુક્લા એક ખાસ ગુજરાતી વાનગી અવકાશમાં લઈ ગયા છે.

અવકાશયાત્રી શુભાંશુ શુક્લા ગઈકાલે ઐતિહાસિક ઉડાન માટે અવકાશમાં ગયા છે. તેમના ૧૪ દિવસના મિશન માટે જરૂરી વસ્તુઓની સાથે, તેમણે ગાજરનો હલવો અને કેરીનો રસ પણ ખાધો છે.

આ પછી, દરેકના મનમાં આ પ્રશ્ન આવી રહ્યો છે કે અવકાશમાં તેમનો ખોરાક કેવો હોય છે. શું તેઓ પૃથ્વી પરના સામાન્ય માણસની જેમ ત્યાં ખોરાક ખાય છે કે કોઈ અલગ રીતે છે, ચાલો જાણીએ.

પહેલાં, અવકાશયાત્રીઓ બાળકના ખોરાકને અવકાશમાં લઈ જતા હતા, પરંતુ હવે મુસાફરો થર્મો-સ્ટેબિલાઈઝ્ડ એટલે કે ઓછી ભેજવાળા ખોરાક પણ ખાય છે, જોકે તેમાં પાણી ઉમેરીને ખાવામાં આવે છે. કેટલાક ખોરાક પાણી મિક્સ કરીને અવકાશમાં ખાવામાં આવે છે, જ્યારે કેટલાક ખોરાક પાણી વગર ખાવામાં આવે છે. ત્યાં મર્યાદિત માત્રામાં જ ખોરાક ખાવાની મંજૂરી છે, તેથી વજન અનુસાર ખોરાક નિયંત્રિત કરવામાં આવે છે. લોકો ત્યાં ફળો, બ્રાઉની, ફ્રીઝ-ડ્રાય ફૂડ વસ્તુઓ ખાઈ શકે છે. આજે અવકાશમાં ખાવા માટે રિહાઈડ્રેટેડ ફૂડ વસ્તુઓમાં ચિકન કોન્સોમ, ચીઝ, મેકરોની, ઝીંગા કોકટેલ એપેટાઈઝર અને સ્ક્રેમ્બલ્ડ એગ્સ વગેરે જેવા સૂપનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અવકાશયાત્રીઓ માઈક્રોએલ્ગી, પ્રયોગશાળામાં ઉગાડવામાં આવેલ માંસ અને વાઈન ગોળીઓ જેવા સુપરફૂડ પણ લે છે. અવકાશયાત્રીઓ માટે ખાતરી કરવામાં આવે છે કે તેમનો ખોરાક પૌષ્ટિક તેમજ સ્વાદિષ્ટ હોય. પરંતુ બ્રેડ, સૂકું મીઠું અને મરી, કાર્બોનેટેડ પીણાં, આલ્કોહોલ અને તાજા ફળો અને શાકભાજી જેવી કેટલીક વસ્તુઓ લઈ શકાતી નથી. અવકાશમાં તાજું પાણી ઓછું છે, તેથી ત્યાં લેવાનો ખોરાક એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે વધુ પાણીની જરૂર ન પડે અને તે લાંબા સમય સુધી બગડે નહીં. અવકાશયાત્રીઓને આપવામાં આવતો ખોરાક ખાસ પેકેટ અને નાના ટુકડાઓમાં રાખવામાં આવે છે. પ્રવાહી ટ્યુબમાં રાખવામાં આવે છે જેથી તેઓ સરળતાથી ખાઈ શકાય. તેમને ટુકડા વગરનો ખોરાક આપવામાં આવે છે જેથી નાના ટુકડા હવામાં તરતા ન રહે અને લોકો અને મશીનોને નુકસાન ન પહોંચાડે. ચા, કોફી અને જ્યુસ પાવડર સ્વરૂપમાં ત્યાં મોકલવામાં આવે છે અને પાણીમાં ભેળવીને પીવામાં આવે છે.

જો કોઈ અવકાશયાત્રી ત્યાં ખૂબ લાંબા સમય સુધી રહે છે, તો તેનો આહાર પણ તેમના અનુસાર હોય છે જેથી વજન ઘટે નહીં અને સ્નાયુઓ અને હાડકાં નબળા ન પડે. મહત્વનું છે કે ગતરોજ જ્યારે શુભાંશુંએ PM મોદી સાથે વાત કરી ત્યારે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તમે જે ગાજરનો હલવો અને અન્ય સામગ્રી લઈ ગયા છો તે અન્ય મિત્રોને ચખાડ્યું કે નહીં. ત્યારે તેમણે અઅ ગુજરાતી વાનગી અંગે મહત્વની વાત કરી હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઈ-મેઈલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલાનાં જન્મદિને સેવાકાર્યોની ભરમાર








સાવરકુંડલા ભાજપા પરિવાર દ્વારા ધારાસભ્ય મહેશ કસવાલાના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી જન્મદિવસ નિમિતે જનસેવાને સમર્પિત સેવાકી કાર્યો કરવામાં આવેલ. આ નિમિતે સેવાભાવ સાથે સિવિલ હોસ્પિટલ અને લલ્લુભાઈ શેઠ હોસ્પિટલ ખાતે દર્દીઓને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું તેમજ માનવ મંદિર આશ્રમ ખાતે હરીના બાળકો માટે ભોજન સેવા આપવામાં આવી. આ તકે શહેર તથા તાલુકા ભાજપના હોદ્દેદારો, નગરપાલિકા પદાધિકારીઓ તેમજ વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.

